
# અમે શ્રવણમંદ પણ સરકારી નોકરી કરીએ...




પેજ નં. પાંચ ઉપર

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ
કોશિશ થી કામયાબી
Since 1-8-1974
વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક
૧૫ જાન્યુઆરી : ૨૦૨૪, અંક નં. ૧૩૩/૪૯૯

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 January - 24 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# કે. એલ. તસ્વીર સમાચાર







દિવાળી કીટ વિતરણ



શ્રીમતી રશ્મિ-મનહર ફંડ કીટ વિતરણ



ગાયત્રી મંત્ર લેખન



કેક મિકિંસગ સેરેમની

‘વિશ્વ વિકલાંગ દિવસ’ની ઉજવણી - નડિયાદ



# કોશિશથી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરા મૂંગા શાળા તસ્વીર સમાચાર............૦૨
- INDEX................................૦૩
- CONTENTS AT A GLANCE ......૦૪
- 'મારી બંસરીમાં બોલ બે વગાડી તું જા'...........૦૫
- 'ચીંથરે વીંટયું રતન' સોજીત્રા હિમાંશુ ............૦૫
- નટરાજ સી. પી. બાળકોની શાળા..............૦૬
- સેરેબ્રલ પાલ્સી એટલે શું ? ....................૦૭
- કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ .......૦૮
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ.....................૦૯
- પી.એન.આર. હોસ્પિટલ ....................૧૦
- ઓર્થો ઓપરેશન ..........................૧૦
- અંબા સી. પી. હોસ્ટેલ......................૧૧
- સાફલ્ય ગાથા – મેહુલ.......................૧૧
- શ્રી શાહ ખી.લ. બહેરા મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)........................૧૧
- શ્રીમતી પી.આર. વાધર સાધન સહાય વર્કશોપ...૧૨
- શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કોલેજ .........૧૨
- શ્રીમતી રશ્મિ-મનહર સહાય નિધિ કોર્પસ ફંડ તથા
- સ્ટાફ વેલફેર .... ..........................૧૩
- નડિયાદ ખાતે વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી.....૧૩
- શેઠશ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ...........૧૪
- 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા..........૧૪
- મંદબુધ્ધિ એટલે શું ? .... ....................૧૫
- ટ્રેનિંગ કોલેજ ફોર આઈ. ડી. ચિલ્ડ્રન............૧૭
- યુવક સંમેલન મુંબઈ – લાઈબ્રેરી ................૧૮
- દિવ્યાંગોની મંત્ર સાધના ......................૧૮
- ગાયત્રી મંત્ર લેખન ..........................૧૮
- કૃત્રિમ પગથી મળી સ્વપ્નને પાંખો.. ..........૧૯
- 'જગતના તાતને મળી સોગાદ' ...............૧૯
- દિવ્યાંગ બાળકો સાથે .........................૧૯
- વિવિધા .................................૨૦
- ડોનેશન લિસ્ટ.............................૨૨
- PNR તસ્વીર સમાચાર.....................૨૩


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## અન્નદાન : મહાદાન

વાંચક મિત્રો,

PNR અને સંલગ્નિત સંસ્થાઓ દિવ્યાંગો માટે શિક્ષણ, તાલીમ, સારવાર અને પુનર્વસનનું કાર્ય વર્ષોથી કરી રહી છે અને તેમાં એક માઈલ સ્ટોન પણ બનાવ્યો છે. પરંતુ સાથો-સાથ આ દિવ્યાંગ બાળકો અને તેના વાલીઓ, જે એકદમ સામાન્ય પરિસ્થિતિમાંથી આવે છે, તેમને આ મોંઘવારીના સમયમાં જીવન નિર્વાહ માટે આંશિકરૂપે મદદરૂપ થવા અનાજ, કઠોળ અને અન્ય વસ્તુઓની મદદ પણ કરી રહી છે.

દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપિતા સ્વ. નેલ્શન મંડેલાએ કહ્યું હતું કે, '' સ્વતંત્રતા અર્થહીન છે, જો લોકોને પેટમાં અન્ન ન જતું હોય.''

આપણી બહેરાં-મૂંગા શાળા વર્ષ ૨૦૧૧-૧૨ થી શ્રીમતી રશ્મી-મનહર સહાયનિધિ કોર્પસ ફંડમાંથી અનાજ અને અન્ય જીવન જરૂરિયાતની વસ્તુઓનું બધિર લાભાર્થીઓને વિતરણ કરે છે. જેમાં ચાલુ વર્ષે ૧૫૨ લાભાર્થીઓને સહાય કરી છે. જ્યારે બધિર બાળકોની સેવા કરી રહેલ સેવકોને વર્ષ ૨૦૧૭થી શ્રીમતી વિમળાલક્ષ્મી ર. સંઘવી સ્ટાફ વેલફેર કોર્પસ ફંડમાંથી રાહત દરે વસ્તુઓ આપવામાં આવે છે અને આ વ્યવસ્થાનું વિતરણ શ્રી બિંદીબેન સંભાળે છે.

અંધશાળામાં શ્રી લાભુભાઈ સોનાણીના નેતૃત્વ નીચે છેલ્લાં ૧૧ વર્ષથી દર મહિને ૨૪ નેત્રહીન જરૂરિયાતમંદ પરિવારને અનાજની કીટ આપવામાં આવે છે.

PNR માં પણ ચાલુ વર્ષે શ્રી બાબાભાઈના સઘન પ્રયત્નોથી 'ગોકુળભાઈ શાહ અન્નદાન યોજના', શ્રી ડી.કે. અજમેરા-ફાઉન્ડેશન ટ્રસ્ટ અને અજમેરા ફેમિલીના રૂા. પચ્ચીસ લાખના કોર્પસ ફંડથી શરુ થઈ છે, જે રૂા. એક કરોડનું કોર્પસ ફંડ એકઠું કરવાનું આયોજન છે. ચાલુ વર્ષે સી.પી., ઓટિઝમ વિ. દિવ્યાંગ બાળકોના વાલીઓ અને સેવકો સહિત ૮૮ લાભાર્થીઓને જીવન નિર્વાહની વસ્તુઓની કીટ આપવામાં આવી છે. પૂરતું ફંડ થતા જરૂરિયાતમંદોને ચાર વખત આપવાનું આયોજન છે.

મને વિશ્વાસ છે કે ઉદાર દિલ દાતાઓની સહાયથી PNR ની અન્નદાન યોજનાનું રૂા. એક કરોડનું લક્ષ્ય પૂરું થઈ જશે.

**કિરીટ રાઠોડ**

**If you cannot feed a hundred people, then feed just one.** - Mother Teresa


**Koshish Thi Kamyabi**
RNI No. GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/
BVR-414/ 2022-24, Monthly

- **અંક નં. : ૧૩૩/૪૯૯**
  ૧૫ જાન્યુઆરી- ૨૦૨૪
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  મો. : ૯૪૯૯૬૬૧૬૯૪/૯૪૯૯૫૫૭૯૭૭
  E-mail : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  Visit us : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org

- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  વંશિકા ફોમ્સ, ભાવનગર
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**

- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  વંશિકા ફોર્મ્સ, ભાવનગર
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**




**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE

✍ K. D. PADIA



### ◈ NATARAJ C. P. SCHOOL ON THE MOVE

Nataraj Cerebral Palsy School of PNR Society has been busy mainstreaming its wards through various activities. Be it capacity building or ICT, Communicative English, Yoga, Functional Literacy, Numeracy by organizing Seminars, etc. Visit to Balvatika of Bhavnagar and local Ghantakarna temple and encouraging its wards to participate in Drawing Competition and Exhibitions and participation in Kala Mahakumbh have remained on the school's programmes. This issue also carries a detailed information on **Cerebral Palsy** disability.

### ◈ KLID'S ACTIVITIES OF ITS THREE ARMS

The Secretary of the K. L. Institute for the Deaf (KLID) **Shri Ashwin Pandya** was invited as Chief Guest in the Celebration of World Disabled Day at Nadiad. This squarely speaks of KLID's place in the Deaf Education in Bharat. Cake mixing, Gayatri Mantra writing of KLID's School arm; College arm's conduction of examinations of B.Ed. (HI) and KLID's third arm Artificial Limb Center benefitting 146 disabled, etc. have been major activities.

### ◈ ANKUR SPECIAL SCHOOL FOR MENTALLY RETARDED CHILDREN

Felicitation of winners of Yoga Competition, honouring Special Educator **Ms. Nehal Gadhavi** in **Narishakti Vandana programme** of local university; and admission activities of inhouse college have been on the board. An informative article on **Mental Retardation** is carried by this issue.

### ◈ Other Activities

Kala Mahakumbh participation, Voting Right awareness programme through Essay Competition, Drawing and Slogan Competition, Rally, etc. of K. N. Shah Hightech Inclusive School; Local Committee Meeting, Vocational Activity, Drawing Competition and Exhibition in the Disha-cum-Vikas Project of National Trust; Services to 3965 patients by the PNR Special Hospital; Organising Cataract Camp and Gynec Camp by V. C. Lodhawala Hospital; Services to Parkinson's patients and senior citizens for good health and above all, important news and success stories have found place in this issue.

## છેલ્લાં ૧૧ વર્ષથી અન્નપૂર્ણા યોજના નીચે ચાલે છે સેવાયજ્ઞ...



શ્રી અંધ અભ્યુદય મંડળ, ભાવનગર દ્વારા જરૂરિયાતમંદ શહેરના ૨૪ નેત્રહીન પરિવારને અન્નપૂર્ણા યોજના હેઠળ એક માસ ચાલે તેટલી અનાજ કીટ અર્પણ કરવામાં આવે છે. ડિસેમ્બર `૨૩ સુધીમાં ૧૧૧ માસિક કીટ વિતરણ કાર્યક્રમો પૂર્ણ કરવામાં આવ્યા છે. રૂા. ૨૧,૦૦૦/- નું અનુદાન આપી કોઈ પણ દાતા પરિવાર એક માસની અનાજ કીટ અર્પણ કરવાનો લાભ અન્નપૂર્ણા યોજના હેઠળ લઈ શકે છે.



## 'મારી બંસરીમાં બોલ બે વગાડી તું જા'

બંસરી જીતેન્દ્રભાઈ ધંધુકિયા એટલે શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળાનો ધબકતો સૂર. વર્ષ ૨૦૦૮માં નર્સરીમાંથી શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયાના વર્ગમાં તેણે પ્રવેશ મેળવ્યો. નાનપણથી જ કુશાગ્ર બુધ્ધિ પ્રતિભા ધરાવતી બંસરી પહેલેથી જ અભ્યાસમાં અવ્વલ રહેતી. આ ઉપરાંત સહઅભ્યાસક પ્રવૃત્તિમાં પણ રમત, નૃત્ય, ચિત્ર, ઉદ્યોગ દરેક ક્ષેત્રે તે પારિતોષિકોની વણઝાર સર્જતી. તેના મરોડદાર અક્ષર સૌનું ધ્યાન ખેંચતા.

બંસરી ઉપરાંત તેના પરિવારમાં બે મોટા ભાઈ રાજન અને ધ્રુવ પણ બધિરતા ધરાવે છે. આ શાળામાં જ અભ્યાસ પૂર્ણ કરનાર આ ત્રણેય ભાઈ-બહેન તેમના શિસ્ત, વ્યવહાર અને પ્રતિભાશાળી વ્યક્તિત્વ માટે શિક્ષકોમાં હંમેશા પ્રિય બની રહ્યાં છે.

ધો. ૧૨ની પરીક્ષામાં, શાળા કક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કરીને તેણે કોમર્સ કોલેજમાં અભ્યાસ શરૂ કર્યો. સમધારણ વિદ્યાર્થીઓ સાથે ભણવામાં તથા તેમની જ સાથે છાત્રાલયમાં રહેવામાં તેણે સહજતાથી અનુકૂલન સાધી લીધું.

હાલ તે સુરત, નાનપુરા ગામમાં કેન્દ્ર સરકારના પોસ્ટ વિભાગમાં નોકરી મેળવવામાં સફળ રહી છે. બંસરીના વ્યક્તિત્વ વિકાસમાં તેના પિતા જીતેન્દ્રભાઈનો પણ અદકેરો ફાળો છે. વાલી મિટીંગ હોય, કે ન હોય. સમયાંતરે તેઓ પણ વર્ગ શિક્ષક અને ગૃહમાતાનો સંપર્ક કરતા.

તેના અભ્યાસ દરમ્યાન પ્રત્યેક શિક્ષકોને જે-તે વિષયમાં પ્રશ્નો પૂછીને તેનો ઉકેલ મેળવીને જ જંપતી બંસરી, આજે તેની કારકિર્દીને ઉજ્જવળ બનાવવા જઈ રહી છે, ત્યારે શાળાના ટ્રસ્ટીશ્રીઓ, આચાર્યશ્રી તથા દરેક શિક્ષક વતી તેને ખૂબ-ખૂબ શુભાશિષ.



## 'ચીંથરે વીંટયું રતન' સોજીત્રા હિમાંશુ કિરીટભાઈ

ખેડૂત, મૂક બધિર માતા-પિતાનું સંતાન હિમાંશુ ધો. ૯ માં પ્રવેશ મેળવીને શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી મહાલક્ષ્મીબેન અને જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં જોડાયો.

હિમાંશુ ધો. ૯ ના અભ્યાસ દરમ્યાન વૈજ્ઞાનિક પ્રદર્શન ઉપરાંત શાળાની અભ્યાસક અને સહઅભ્યાસક પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને બધા શિક્ષકોનો માનીતો વિદ્યાર્થી બની રહ્યો. અભ્યાસની ચીવટ, શિસ્ત પ્રિયતા અને દરેક પ્રત્યેનો તેનો આદરભાવ તેના પારિવારિક સંસ્કારોને છતા કરી રહ્યાં હતાં.

ધો. ૧૦ની માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં ૬૭% ગુણ સાથે ઉત્તીર્ણ હિમાંશુ કિરીટભાઈ સોજીત્રા, અમરેલી જિલ્લાના વડિયા ગામનો વતની છે.

ધો. ૧૦ની પરીક્ષામાં તેને શાળા કક્ષાએ પ્રથમ કુમાર તરીકે **શ્રી જયંત શાહ એવોર્ડ** પ્રાપ્ત કરેલ. સંસ્થાના શિક્ષક શ્રી યોગેશભાઈ ગોસ્વામીએ પોસ્ટ ભરતીમાં હિમાંશુનું ફોર્મ ભર્યું અને દિવાળી વેકેશનમાં પસંદગી પામેલા ઉમેદવારોની યાદીમાં હિમાંશુનું નામ ઝળકયું.

મૂકબધિર માતા-પિતા, કેન્દ્ર સરકારની નોકરી મેળવનાર માત્ર ૧૮ વર્ષના પોતાના પુત્રની સિધ્ધિ વિશે તદ્દન અજાણ છે. તેઓને મૂકબધિર માટે જરૂરી એવી સાઈન લેંગ્વેજ અંગે પણ વિશેષ માહિતી નથી. ત્યારે...

ડોકયુમેન્ટ વેરીફિકેશન અંગે હિમાંશુ અને પોસ્ટ વિભાગના અધિકારીઓ વચ્ચેની કડી બન્યા તેના શિક્ષક શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલ. મહેસાણા જિલ્લાના કડી તાલુકાના મુસ્લિમ વસ્તી ધરાવતા અગોલ ગામમાં તેનું પોસ્ટિંગ થયું.

શાળાના શિક્ષકો, આચાર્યશ્રી, ટ્રસ્ટીગણ સૌએ હિમાંશુને તેની આગામી ૪૦ વર્ષ સુધીની કારકિર્દી અંગે શુભેચ્છા પાઠવી હતી.

શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળાના શિક્ષકો તથા સંસ્થાના મેનેજમેન્ટ દ્વારા અલગ-અલગ રીતે રોજગારી આપવાના પ્રયત્નો વર્ષોથી ચાલે છે. જેમાં પોસ્ટ વિભાગ દ્વારા સમયાંતરે વિકલાંગો માટે મેરિટના આધારે ભરતીની પ્રક્રિયા ચાલતી હોય છે. જેમાં અત્યાર સુધીમાં આપણી શાળાના ૧૯ બાળકોને કેન્દ્ર સરકારના પોસ્ટ ડિપાર્ટમેન્ટમાં જોબ મળી શકી છે. જેના દ્વારા તેઓ પોતાનું તથા પોતાના પરિવારનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકય છે અને પોતાના ભવિષ્યને સલામત કરી શકયા છે.

**- વિશ્વા ભટ્ટ**



# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



✍ વિભૂતિ વ્યાસ

**બાલવાટિકા પ્રવાસ :**

તા. ૨ ડિસેમ્બર`૨૩ના રોજ વિશ્વ દિવ્યાંગતા દિવસ જાગૃતિના ભાગરૂપે, જવાહર બાલવાટિકા, બોરતળાવ, ભાવનગર ખાતે ટૂંકા **પ્રવાસ**નું આયોજન કરવામાં આવેલ. ત્યાં બાળકોએ રમત-ગમતનાં વિવિધ સાધનોમાં રમત રમીને આનંદ મેળવ્યો. કાચઘરમાં બાળકોને નાના-મોટા, લાંબાં-ટૂંકા, જાડા-પાતળા જેવી સંકલ્પના પોતાના વાસ્તિવિક સ્વરૂપમાં જોઈ સમજાવવામાં આવી. સાથે બોરતળાવના રમણિય અને નૈસર્ગિક વાતાવરણમાં વનભોજનનો પણ આહલાદ્ક અનુભવ કર્યો. તેમજ શિક્ષક મિત્રોએ બાલવાટિકાની મુલાકાતે આવનાર અન્ય મુલાકાતીઓને પ્રત્યક્ષ ઉદાહરણના માધ્યમથી સી.પી., ઓટિઝમ,મંદબુધ્ધિ બાળકોની ક્ષમતા અને પડકારો વિશેની માહિતી આપી, જનજાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

આ પ્રવાસમાં કુલ ૩૫ બાળકો, ૧૦ સ્ટાફ એમ કુલ ૪૫ સંખ્યા હતી. અત્રે ઉલ્લેખનીય છે કે નવા સત્રની શરૂઆતની શુભકામના મિઠાઈ આપી કરવામાં આવી હતી.

**સક્ષમ ક્ષમતાવર્ધન કાર્યક્રમ :**



તા. ૫ અને ૬ ડિસેમ્બર`૨૩ના રોજ વિશ્વ દિવ્યાંગતા દિવસની જાગૃતિના ભાગરૂપે E-SQUARE HOME SCHOOLING (ઈ-સ્કવેર હોમ સ્કૂલિંગ) દ્વારા દિવ્યાંગ બાળકો, વાલીઓ તથા શિક્ષક મિત્રો માટે Communicative English, ICT, Yoga & Functional Liturucy, Numeracy વિકસાવવા બે દિવસના નિઃશૂલ્ક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં માર્ગદર્શન શ્રી અશોક જાની, (M.tech chartered Engineer) શ્રીમતી પીંકી કાલિયા, શ્રી ધર્મેશભાઈ ઠક્કર આપ્યું હતું. આ સેમિનારમાં કુલ ૨૨ દિવ્યાંગ બાળકો સહિત કુલ ૩૩ પાર્ટીસિપેટે ભાગ લઈ પર્યાપ્ત માર્ગદર્શન મેળવેલ. સમગ્ર વર્કશોપનું સંચાલન શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન નીચે શ્રી વરૂણભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું.

**ચિત્ર સ્પર્ધા અને પ્રદર્શન :**

તા. ૯ ડિસેમ્બર`૨૩ના રોજ શ્રી ખોડીદાસ પરમાર ચિત્ર પ્રદર્શન અને સ્પર્ધા ૨૦૨૩નું આયોજન કરવામાં આવેલ જેનો વિષય ''હનુમાનજીનાં જીવન પ્રસંગો પર આધારિત ચિત્રપ્રદર્શન'' હતો. આ પ્રદર્શન માટે કૃતિની પસંદગી ચિત્રના ફોટોગ્રાફ પરથી કરવામાં આવનાર હતી. જેનાં અંતર્ગત નટરાજ સી.પી.સ્કૂલના ૨૨ બાળકો તથા ૨ શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ જેમાંથી ૮ બાળકોના તથા ૨ શિક્ષકોના ચિત્રોનું પ્રદર્શન તા. ૨૪-૨૫ ડિસેમ્બર `૨૩ના રોજ સવારે ૧૦ થી ૧ તથા સાંજે ૪ થી ૮ શ્રી ખોડીદાસ પરમાર આર્ટ ગેલેરી, સરદારનગર, ભાવનગર ખાતે યોજાયું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી તૃપ્તિબેન મહેતા, શ્રી ખેવનાબેન ઓઝા, શ્રી રૂપલબેન પારેખ, શ્રી ગાયત્રીબેન ઝાલા તથા શ્રી બીનાબેન જાની દ્વારા કરવામાં આવ્યું હતું.

**કલા મહાકુંભ-`૨૩ :**

તા. ૯ ડિસેમ્બર`૨૩ના રોજ કલા મહાકુંભ અંતર્ગત નટરાજ સી.પી. સ્કૂલના ૭ બાળકોએ ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈ પોતાની ક્ષમતાથી ઉપર ઉઠી પોતાનામાં રહેલી કલાનું સુંદર પ્રદર્શન કરેલ. આ કાર્યક્રમનું આયોજન અને સંકલન શ્રી તૃપ્તિબેન મહેતા અને શ્રી ગાયત્રીબેન ઝાલાએ શ્રી જીજ્ઞાબેન સોલંકીનાં માર્ગદર્શન હેઠળ કર્યુ હતું.

**ઘંટાકર્ણ મહાવીર દેરાસર :**

તા. ૧૩ ડિસેમ્બર`૨૩નાં રોજ ક્રેસંટ ખાતે આવેલ મહાપ્રભુ શ્રી ઘંટાકર્ણ મહાવીર સ્વામી દેરાસર ખાતે, માગસર



સુદ ૧ એકમ નિમિત્તે શ્રી અમીતભાઈ શાહના સહયોગથી સી.પી. સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેકટ, ઓટિઝમ પ્રોજેકટ અને સ્કૂલના કુલ ૭૦ બાળકો તથા ૧૫ સ્ટાફ એમ કુલ ૮૫ માટે સુખડીની પ્રસાદીનું અયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન શ્રી તૃપ્તિબેન મહેતાએ શ્રી જીજ્ઞાબેન સોલંકીનાં માર્ગદર્શન હેઠળ કર્યુ હતું.

# સેરેબ્રલ પાલ્સી એટલે શું ?



જીજ્ઞાબેન સોલંકી

**સેરેબ્રલ પાલ્સીનો ઓળખ, કારણો અને સારવાર**

સરળ ભાષામાં સેરેબ્રલ પાલ્સીની સમજૂતી / વર્ણન જોઈએ તો, વિકાસની પ્રક્રિયા જેમાં ચાલતી હોય તેવા મગજને ઈજા થવાથી બાળકોના સ્નાયુઓના હલન-ચલન અને શારીરિક મુદ્રાઓ જાળવવામાં વિક્ષેપ પડે છે, તેવી કાયમી સ્થિતિને સેરેબ્રલ પાલ્સી કહેવાય છે. મગજના લકવાને સેરેબ્રલ પાલ્સી ટૂંકમાં સી.પી. તરીકે ઓળખવામાં આવે છે. આ એક એવી કાયમી સ્થિતિ છે જે બાળકને શારીરિક દિવ્યાંગ બનાવે છે. સી.પી. મોટાભાગે શરીરના હલન-ચલન અને શારીરિક ક્ષમતાને અસર કરે છે. બાળકને જન્મ પહેલા, જન્મ દરમ્યાન કે જન્મ બાદ, મગજને ઈજા થવાથી થાય છે. મગજને થયેલ એકવારની ઈજા સંપૂર્ણ રીતે નિવારી શકાતી નથી. પરંતુ વહેલાસરની ઓળખ, નિદાન અને યોગ્ય સારવાર સાથે સ્વિકાર, સંમલીકરણ અને સમુદાયના ટેકાથી બાળકમાં અટકી પડેલી વિકાસની પ્રક્રિયાને આગળ વધારી, સફળતાની સીડીઓ સર કરાવી શકાય છે.



**ઓળખ / લક્ષણો**

- મોઢામાંથી સતત લાળ પડવી.
- સ્નાયુઓમાં અક્કડતા કે કોન્ટ્રાકચર.
- આંચકી આવતી હોય.
- વિકાસ ધીમો અને મોડો.
- સ્નાયુઓનું અનિયંત્રિત અને અસ્વૈચ્છિક હલન-ચલન.
- ચુસવા, ચાવવા અને વાતચીતના કૌશલ્યોનો અભાવ.
- શારીરિક હલન-ચલન અને સંતુલનનો અભાવ.
- શરીરના એકજ બાજુના અંગોનો ઉપયોગ કરવાની અક્ષમતા.

**સેરેબ્રલ પાલ્સી થવાના કારણો.**

**જન્મ પહેલા :**

- જર્મન મિઝલ્સ (રૂબેલા).
- અપૂરતું પોષણ.
- બાળક અને લોહીની ભિન્નતા.
- ગર્ભવસ્થા સમયે ચેપી રોગ.
- વારંવાર કસુવાવડ
- સગોત્ર / નજીકના સગા સંબંધીમાં લગ્ન.

**જન્મ દરમ્યાન :**

- પ્રિમેચ્યોર બર્થ.
- ફોરસેપ ડિલીવરી.
- ઓક્સિજનની ખામી.
- જન્મ સમયે મોડું રડવું.
- બાળકનું વજન ખૂબ ઓછું.
- જન્મ સમયે આંચકી.
- જન્મ સમયની ઈજા.

**જન્મ પછી :**


- આંચકી.
- ગુંગળામણ
- ટયુમર
- ફેફસાનો ક્ષય
- મગજમાં તાવના જંતુઓને કારણે થતું નુકસાન.

- પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલ જે ગુજરાતની એકમાત્ર નિવાસી સી.પી. સ્કૂલ છે. જે ૨૦૧૧થી મગજના લકવાગ્રસ્ત બાળકોના વિશિષ્ટ શિક્ષણ, તાલીમ અને સારવાર ક્ષેત્રે અવિરત કાર્યશીલ છે.
- પી.એન.આર. સોસાયટીના નટરાજ કેમ્પસમાં સી.પી. બાળકો માટે બેરીયર ફ્રી બિલ્ડીંગ અને નૈસર્ગિક વાતાવરણમાં, ઈ-લર્નિંગના માધ્યમથી વિશિષ્ટ શિક્ષણ સાથે અદ્યતન સાધનો, આધુનિક ટેકનોલોજીથી સુસજ્જ વિવિધ થેરાપી સેવાઓ ઉપલબ્ધ છે.
- સી.પી. સ્કૂલ એક એવી સ્કૂલ છે, જ્યાં મગજના લકવાગ્રસ્ત બાળકોના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ છે અને સી.પી. બાળકોને કલા ક્ષેત્રે, સંગીત ક્ષેત્રે, રમત-ગમત ક્ષેત્રે ઊંચી ઉડાન માટેની તકો ઉપલબ્ધ બને છે, સાથે પૂર્વ વ્યવસાયિક તાલીમ દ્વારા જીવન નિર્વાહ માટે પણ પગભર કરે છે.
- સી.પી. બાળકોનું ગુણવત્તાવાળું, સ્વમાનભેર સમાજમાં પુનઃસ્થાપન થાય એ હેતુથી સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈ, સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ, માનદ મંત્રી શ્રી કિરીટભાઈ સહિત સર્વે ટ્રસ્ટીશ્રીઓ, ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન સોલંકી તથા સમગ્ર સ્ટાફ સતત કાર્યરત છે.

**નટરાજ સેરેબ્રલ પાલ્સી સ્કૂલ જ્યાં એક છત્ર નીચે તમામ સુવિધા ઉપલબ્ધ છે.**




# કે. એન. શાહ
# 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



✍ ધીરુભાઈ ધંધુકિયા

**કલામહાકુંભ-૨૦૨૩ :**

સ્કૂલમાં તા. ૧૧ થી ૧૩-૧૨ ના રોજ ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કમિશનરશ્રી, ગાંધીનગરના ઉપક્રમે, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ભાવનગર શહેર દ્વારા, ઝોન કક્ષાના **કલા મહાકુંભ-૨૦૨૩**નું આયોજન કરવામાં આવ્યું હતું. તે અંતર્ગત શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓ જેમ કે, નિબંધ, વકતૃત્વ, ચિત્રકલા, કાવ્ય લેખન, લોકગીત, ભજન અને ઓર્ગનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ખૂબ સરસ રીતે પોતાની આવડત, કૌશલ્ય અને આંતરિક કલાને નિર્દેશકો સમક્ષ રજૂ કરી હતી.

**ભારતીય ભાષા ઉત્સવ અંતર્ગત 'વાંચન અને અભિવ્યક્તિ' :**



સ્કૂલમાં તા. ૬-૧૨ ના રોજ ભારતીય ભાષા ઉત્સવ અંતર્ગત **વાંચન અને અભિવ્યક્તિ** અંગે ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ લાઈબ્રેરીની મુલાકાત લઈને અલગ-અલગ પુસ્તકો જેવા કે પોઝિટિવ થિંકિંગ, ચાણકય નીતિ, સ્વયંમાં વિશ્વાસ, લોક વ્યવહાર, 'ના' કહેતા શીખો, પન્નાલાલ પટેલ, સ્વામી વિવેકાનંદજી, ડેલ કાર્નેગી વિ. વાંચે છે કોઈ મહાન માણસે કહ્યું છે કે ''પુસ્તક માણસની દુનિયા બદલી નાખે છે.'' દરેક માનવીના જીવનમાં પુસ્તકોનું વિશેષ મહત્વ છે. પુસ્તક માનવ જીવનનો સાર તો બદલી નાખે છે અને નવી દિશા પણ આપે છે. દરરોજ એક પુસ્તક વાંચવાથી જીવન વધુ સારું બને છે, મોબાઈલ, ટી.વી. ગેઈમ વગેરેમાં સમય ન બગાડતા સારા પુસ્તકો, લેખોનું વાંચન કરશો તો જીવનમાં કોઈપણ પરિસ્થિતિથી ડરશો નહીં. આપણે પણ શરૂઆત કરીએ અને બીજાને પણ વાંચનની શરૂઆત કરાવીએ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન લાઈબ્રેરીયન શ્રી છાયાબેન અને શિક્ષક શ્રી દક્ષાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

**મતદાન જાગૃતિ અંતર્ગત નિબંધ સ્પર્ધા :**

સ્કૂલમાં તા. ૧૩-૧૨ ના રોજ મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત **નિબંધ સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ધો. ૫ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો



હતો. વિદ્યાર્થીઓએ મતદાન જાગૃતિ નિબંધને અનુલક્ષીને 'લોકતંત્રનો ભાગ્ય વિધાતા હોય છે જાગૃત મતદાતા', 'તમારા કિંમતી મતનો ઉપયોગ અવશ્ય કરો, ચાલો સૌ મતદાન કરો' જેવી પંક્તિઓ સાથે પોતાની આવડત, સર્જનશક્તિ અને મૌલિકતાનો ઉપયોગ કરીને ખૂબ જ સુંદર નિબંધ લખ્યા હતાં. બાળકોએ નિબંધના માધ્યમથી લોકો મતદાન કરવા જાગૃત થાય તે હેતુથી આ સ્પર્ધાનું આયોજન કરાયેલ. પ્રથમ ત્રણ ક્રમાંક આપીને શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા દ્વારા પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

**મતદાન જાગૃતિ અંતર્ગત ચિત્ર અને સ્લોગન સ્પર્ધા :**



સ્કૂલમાં તા. ૧૫-૧૨ ના રોજ મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત **ચિત્ર અને સ્લોગન સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ધો. ૧ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓ દ્વારા, 'મારો મત મારો અધિકાર', 'મતદાન મારો હક', 'Vote For Life' જેવી પંક્તિઓ લખીને ચિત્રો દોર્યાં હતાં. આ ઉપરાંત 'હું છું મતદાર... આળસ કરીશ નહીં, ફરજથી ડગીશ નહીં', 'મતદાન ચુકીશ નહીં', 'તમારું મતદાન લોકતંત્રની જાન', 'છે આપ સૌની જવાબદારી, મત આપે સૌ નર નારી', 'સારે કામ છોડ દો, સબસે પહેલે વોટ દો' જેવા સ્લોગનો તૈયાર કર્યા હતાં. વિદ્યાર્થીઓએ પોતાની સર્જનાત્મક શક્તિ દ્વારા આગવા ચિત્રો અને સ્લોગનો તૈયાર કરીને શાળાના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આચાર્ય સમક્ષ પ્રદર્શન કરીને દર્શાવ્યાં હતાં.

**મતદાન જાગૃતિ અંતર્ગત રેલીનું આયોજન :**

સ્કૂલમાં તા. ૧૫-૧૨ ના રોજ મતદાન જાગૃતિ અંતર્ગત



રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ધો. ૪ થી ૮ ના વિદ્યાર્થઓ દ્વારા મતદાન વિશે નારા લગાવી અને લોકોને મતદાન કરવા માટે જાગૃત કર્યાં હતાં. ત્યારબાદ વિદ્યાર્થીઓને મતદાન અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ વિદ્યાર્થીઓ ભવિષ્યના મતદાતા છે અને તેઓ આપણી લોકશાહીને કાયમ રાખી શકે છે, તે બાબતથી પણ વિદ્યાર્થીઓને અવગત કરવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહભેર જોર શોરથી શેરીઓમાં નારા લગાવી લોકોનું ધ્યાન આકર્ષિક કર્યું હતું. આ રેલીમાં દિવ્યાંગ બાળકોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેથી તેની પ્રેરણાથી સામાન્ય નાગરિકો પણ સમજે કે એક મત આપવો એ આપણો જન્મસિધ્ધ અધિકાર છે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શિક્ષક શ્રી દક્ષાબેન પંડયા અને તેજસ્વીનીબા ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું.


આ તમામ કાર્યક્રમો આચાર્યશ્રી હિતેનભાઈ પંડયાના માર્ગદર્શન નીચે કરવામાં આવ્યાં હતાં.



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

અમિત મિત્રા



### લોકલ પ્રોજેક્ટ કમિટી મીટીંગ :

- તા. ૨૯ ના રોજ મીટીંગનું આયોજન કરવામાં આવેલ, જેમાં નીચેના મુદ્દા અંગે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.
- ગત મીટિંગની કાર્યનોંધને બહાલી આપવા બાબત.
- વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી કરવા બાબત.
- IQ ટેસ્ટ માટેનાં સેમીનારમાં ભાગ લેવા બાબત અને રાજય કક્ષાના ખેલ મહાકુંભમાં વિદ્યાર્થીઓએ ભાગ લેવા બાબત.

### વોકેશનલ એક્ટિવિટી :

પી.એન.આર. સોસાયટી સંચાલિત અને નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી દ્વારા ચલાવવામાં આવતા દિશા કમ વિકાસ પ્રોજેકટ દ્વારા બાળકો આર્થિક ઉપાર્જન કરતાં શીખે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત નવેમ્બર માસ દરમ્યાન બાળકોને પ્રિ- વોકેશનલ અક્ટિવિટીમાં **નવરાત્રી પર્વમાં પહેરવા માટે જુની બંગડીમાંથી સુશોભિત કડલા** બનાવતા બાળકોને શીખવવામાં આવ્યું હતું. બાળકોને સાથે રાખીને વસ્તુઓનું વેચાણ કમ પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું.

### વિશ્વ દિવ્યાંગતા દિવસ નવજાગૃતી કાર્યક્રમ :



તા. ૫ ડિસેમ્બર ૨૩ના રોજ ગાયત્રીમંત્ર સાધનાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં દિશા કમ વિકાસ પ્રોજેકટના ૧૫ વિદ્યાર્થીઓ અને ૨ શિક્ષકોએ ભાગ લઈ ગાયત્રીમંત્રની સાધના કરી હતી, ૧૦ વિદ્યાર્થીઓએ ગાયત્રીમંત્રનું સુલેખન કર્યુ હતું. ત્યાર બાદ તા. ૫ અને ૬ ડિસેમ્બર ૨૩નાં રોજ ઈ-સ્કવેર હોમ સ્કુલિંગ દ્વારા દિવ્યાંગ બાળકો, વાલીઓ તથા શિક્ષકો માટે સામાન્ય જીવનમાં જરૂરી અંગ્રેજી શબ્દો, મોબાઈલ ફોનના માધ્યમ દ્વારા બાળકોની સેફટી માટે પોતાનું લોકેશન મોકલવું, મેપનો ઉપયોગ કરવો, અંકોની રમતો, સી.પી.,ઓટીઝમ, અને મંદબુધ્ધિ બાળકોના શારીરિક ક્ષમતામાં વધારો કરતા આસનો અને પ્રાણાયામ જેવા ઉપયોગી વિષયો વિશે રસપ્રદ અને રમુજી રીતે બે દિવસનાં નિઃશુલ્ક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં દિશા કમ વિકાસ પ્રોજેકટના ૧ શિક્ષક અને ૧૪ વિધાર્થીઓએ પ્રત્યક્ષ અને ૩ વાલીઓએ ઓનલાઈન માધ્યમથી ભાગ લીધો હતો.

### ચિત્ર સ્પર્ધા અને પ્રદર્શન :



તા. ૯ ડિસેમ્બર ૨૩ના રોજ શ્રી ખોડીદાસ પરમાર ચિત્ર પ્રદર્શન અને સ્પર્ધા ૨૦૨૩નું આયોજન કરવામાં આવેલ. જેનો

હતો. આ પ્રદર્શન માટે કૃતિની પસંદગી ચિત્રના ફોટોગ્રાફ પરથી કરવામાં આવનાર હતી. જેના અંતર્ગત દિશા કમ વિકાસ પ્રોજેક્ટના ૭ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ. જેમાંથી ૧ બાળકના ચિત્રની પ્રદર્શન માટે પસંદગી થઈ હતી.આ સમગ્ર કાર્યક્રમના આયોજનમાં દિશા કમ વિકાસ પ્રોજેક્ટ વતી શ્રી બીનાબેન જાની જોડાયા હતા.



# પી. એન. આર. હૉસ્પિટલ

મહાસુખભાઈ જકડિયા



**ડિસેમ્બર - ૨૩ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૧૯૧ | ૧૭ |
| આંખ | ૮૪૩ | - |
| આંખની છારી | - | ૪૧ |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૨૬૫ | ૧૩૮ |
| ઓર્થોસ્કોપી | ૨૭ | - |
| ઓર્થોડેન્ટલ | ૧૧૭ | ૧૧૫ (ટ્રિટમેન્ટ) |
| જનરલ ઓપીડી | ૫૧૧ | - |
| એક્ષ-રે | ૯૮ | - |
| લેબોરેટરી | ૩૬૨ | ૧૧૫૪ (ટેસ્ટ) |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| ચામડી | ૧૧ | - |
| આંખના પડદા | ૨૧ | - |
| પેઈન મેનેજમેન્ટ વિભાગ | ૩૧ | - |
| M. D. ફિઝીશ્યન વિભાગ | ૪૦ | - |
| **પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર** | | |
| પ્લાસ્ટિક સર્જરી | - | - |
| હેર ઈમ્પ્લાન્ટ | ૦૩ | - |
| રૂબેલા વેક્સિન | - | - |

◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૧૯૫** લાભાર્થીઓએ **રૂા. ૩૬૩૬૫/-** ની સહાય મેળવેલ છે.

◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૧૮** લાભાર્થીઓએ **રૂા. ૨૪૪૦/-** ની સહાય મેળવેલ છે.

## ઓર્થો ઓપરેશન



ઓપરેશન પહેલા




ઓપરેશન પછી

PNR હોસ્પિટલમાં ક્રિટીકલ એવા અનેક ઓર્થો ઓપરેશન કરવામાં આવે છે. દર્દીની પીડા અને આર્થિક વિકટતા ધરાવતી એક ૩૨ વર્ષની યુવતીને, જન્મજાત જિનેટીક ખામી, પોલિયો જેવી બીમારી અને પગમાં ઈન્ફેક્શન કન્ટ્રોલમાં ન આવતા પગના સડાને કાપવાનું રિપીટ ઓપરેશન કરવાનું રહે છે. તેની નાની ઉંમરથી નિદાન અને સારવાર થતી રહી છે.

તેનું પાંચમું ઓપરેશન તા. ૨૫-૧૧ ના રોજ ડૉ. સંજીવ રવિ સાહેબ તરફથી આ ઓપરેશન, કોઈ પણ ચાર્જ કર્યા વગર (નિઃશૂલ્ક) કરવામાં આવેલ છે. દર્દીની આર્થિક સ્થિતિને લક્ષમાં લઈ હોસ્પિટલના ભંડોળમાંથી પણ સહાય આપવામાં આવેલ છે.


PNR હોસ્પિટલની દર્દીને ઉચ્ચત્તમ સેવા આપવાની પ્રતિબધ્ધતા છે. જેથી આર્થિક નબળા દર્દીને સહાયભૂત થવાનું કાર્ય થઈ રહ્યું છે, તેમાં ડૉક્ટરશ્રીઓ પણ સહભાગી થતા હોય છે. આવા દર્દી પ્રત્યે સંવેદનાની તેઓની પણ પ્રતિબધ્ધતા છે.



# અંબા સી.પી. હોસ્ટેલ

## ઓક્ટોબર-નવેમ્બર- ૨૦૨૩

✍ લાલજી પંડયા



**નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ**

### ભોજન / મિષ્ટાન

- તા. ૫-૧૨ ના રોજ શ્રી રવિભાઈ અણધણ તરફથી...
- તા. ૯-૧૨ ના રોજ શ્રી દિક્ષીતભાઈ વિરડીયા તરફથી...
- તા. ૧૦-૧૨ ના રોજ શ્રી અજયભાઈ સોજીત્રા તરફથી...
- તા. ૧૨-૧૨ ના રોજ શ્રી નિકીતાબેન ઝવેરી તરફથી...
- તા.૧૫-૧૨ ના રોજ શ્રી સંજયભાઈ પરમાર તરફથી...

### નાસ્તો

- -તા. ૩૦-૧૧ ના રોજ શ્રી કોકીલાબેન શાહ તરફથી...
- -તા. ૪-૧૨ ના રોજ શ્રી હર્ષકાંત રાખશિયા તરફથી...
- -તા. ૫-૧૨ ના રોજ શ્રી જીજ્ઞાબેન સોલંકી તરફથી...
- -તા. ૬-૧૨ ના રોજ શ્રી જયદેવગીરી ગોસ્વામી તરફથી...
- -તા. ૧૩-૧૨ ના રોજ શ્રી ભરતભાઈ ડેર તરફથી...

## સાફલ્ય ગાથા - મેહુલ



મેહુલ ગોરધનભાઈ જાડા પી.એન.આર. સોસાયટીમાં અભ્યાસ અર્થે તા. ૧૦-૬-૨૦૧૪ ના રોજ આવેલ. મેહુલ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા પાસે આવેલ ધરોઈ ગામનો વતની છે. તેના પરિવારમાં ચાર સભ્યો છે. તેમાંથી મેહુલ દિવ્યાંગ છે. તેની દિવ્યાંગતામાં અસ્થિ વિષયક ૪૦% તથા સાથે તેને સાંભળવામાં પણ અને બોલવામાં તકલીફ છે. મેહુલ પેઈન્ટિંગ તથા નૃત્યનો શોખ ધરાવે છે. તેમાં તે સારું કૌશલ્ય ધરાવે છે. મેહુલે પી.એન.આર. સોસાયટી સંચાલિત સી.પી. સ્કૂલમાં ૪ વર્ષ અભ્યાસ કર્યો હતો. મેહુલની કામગીરી સારી અને નિષ્ઠાવાન હોવાથી, તેને તા. ૧૮-૧૨-૨૦૧૮ થી નોકરીમાં રાખવામાં આવ્યો હતો. મેહુલ ૨૦૧૮થી ૨૦૨૩ દરમ્યાન પોતે દિવ્યાંગ હોવા છતાં, પોતાને બોલવામાં, સાંભળવામાં તથા ચાલવામાં તકલીફ હોવા છતાં, સી.પી. હોસ્ટેલમાં બાળકોની સારી રીતે સાર-સંભાળ રાખે છે, બાળકોને હૂંફ અને સ્નેહ આપે છે.

શ્રીમતી નંદિનીબેન પી. દિવેટીયા રૂરલ ડેવલપમેન્ટ રિહેબિલિટેશન એવોર્ડ-૨૩ અંતર્ગત રૂા. ૧૫૦૦૦/- રોકડ પુરસ્કાર તેમજ મેમેન્ટોથી શ્રી મેહુલનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત રાજ્ય સભાના સાંસદ શ્રી અમીબેન યાજ્ઞિક તરફથી મેહુલને પ્રોત્સાહક ઈનામ રૂા. ૨૧૦૦/- પુરસ્કારના રૂપમાં આપવામાં આવ્યું હતું. જેથી PNR ની યશકલગીમાં પણ એક પીછું વધુ ઉમેરાયું છે.



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)

✍ ગજાનંદ ભટ્ટ



**વિશ્વ વિકલાંગ દિવસ વિશે માહિતી :**



પ્રાથમિક વિભાગમાં શાળાના પ્રાર્થના રૂમમાં **વિશ્વ વિકલાંગ દિવસ**ની ઉજવણી વિશે સરસ માહિતી આપવામાં આવી હતી.

જેમાં વિશ્વની કુલ વસ્તીના લગભગ ૧.૩ બિલિયન લોકો જુદી-જુદી વિકલાંગતા ધરાવે છે. તેમાં ભારતમાં ૨.૬૮ કરોડ લોકો વિકલાંગ છે. ઈ.સ. ૧૯૯૨માં UN (સંયુક્ત રાષ્ટ્ર સંઘ) ના ઠરાવ અને WHO સંયુક્ત રીતે ૩ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ વિકલાંગ લોકોના અધિકારોને મહત્વ આપ્યું. આ વખતની ૨૦૨૩ની થીમ IDPD છે તેમજ RPWD Act. મુજબ ૨૧ પ્રકારની વિકલાંગતા વિશેની સરસ માહિતી સંસ્થાના શિક્ષક ડૉ. કવિતાબેન શાહ દ્વારા આપવામાં આવી.

**કેક-મિકસીંગ સેરીમનીની ઉજવણી :**

''દુઃખીના દુઃખની વાતો સુખી ના સમજી શકે
સુખી જો સમજે પૂરૂં તો દુઃખ વિશ્વમાં નવ ટકે.''



સમાજનો સુખી વર્ગ, પોતાના જ સમાજમાં અન્ય લોકોનું દુઃખ જોઈ દ્રવી ઉઠે અને તેના માટે કંઈક કરવા તૈયાર થાય તો વિશ્વમાં ક્યાંય દુઃખનું નામો નિશાન ન રહે. આ ઉક્તિને સત્ય ઠેરવતું એક ઉત્તમ ઉદાહરણ ભાવનગરના અગ્રણી ઔદ્યોગિક લીલા ગ્રુપ દ્વારા સંચાલિત એફ.સી. સરોવર પોર્ટિકો દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે **કેક મિક્સીંગ** સેરીમનીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.

જે સેરેમનીમાં લીલા ગ્રુપના ચેરમેન શ્રી કોમલકાન્ત શર્માના માર્ગદર્શન હેઠળ અને હોટેલના ડિરેક્ટરો પૂર્ણિમાબેન શર્મા, કનિકાબેન શર્મા સોનીજીના માર્ગદર્શન હેઠળ આપણી શાળાના ૨૫ નાના બાળકોના હાથે કરાય, જેમાં તમામ બાળકોને નાસ્તો કરાવી હોટેલ તરફથી ગિફટસ આપવામાં આવી. બાળકો સાથે આપણી શાળાના બે શિક્ષિકા બહેનો શ્રી કુંજલબેન અને શ્રી વૃંદાબેન ગયા હતાં. તેમજ પ્રાથમિક વિભાગના આચાર્યશ્રી ધવલભાઈએ પણ બાળકોને પ્રોત્સાહન આપવા ઉપસ્થિત રહયાં હતાં. આ કેક મિક્સીંગ સેરીમની આપણા બાળકો માટે યાદગાર સેરીમની બની રહી હતી.



# શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર
# કૃત્રિમ સાધન સહાય વર્કશોપ



**વિપુલ જેઠવા**



**ઓપરેશન પહેલા**

નવેમ્બર માસમાં સ્થાનિક કક્ષાએ કુલ ૧૨૪ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ, જેમાં લાભાર્થીઓને આશરે ૧૪૬ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, આખા પગ-૧, અડધા પગ-૪, ઓર્થોશૂઝ-૨, ની-બ્રેસ-૩૪, હેન્ડ સ્પિલન્ટ-૧, નાઈટ સ્પિલન્ટ-૨, સ્પાઈનલ ઓર્થોસિસ-૮, અન્ય-૬૭, કેલિપર-૫, એ.એફ.ઓ.-૧૪, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૮ એમ કુલ ૧૪૬ સાધનો પૂરાં પાડવામાં આવ્યાં હતાં.



**ઓપરેશન પછી**

નવેમ્બર માસમાં સંસ્થામાં ગત માસે કૃત્રિમ હાથ પગનો કેમ્પ સુરત (ગુજરાત) માં યોજાયેલ. જેમાં ૮૬ લાભાર્થીઓને ૫૪ આખા પગ તથા ૩૪ અડધા પગ તથા ૨ કૃત્રિમ હાથ પૂરાં પાડવામાં આવ્યાં હતાં. જે કેમ્પ ડૉ. વિપુલભાઈ જેઠવાના માર્ગદર્શન નીચે કરવામાં આવ્યો હતો.

ગત ઓક્ટોબર માસમાં સંસ્થાના જૂની. પી. એન્ડ ઓ. દ્વારા પોરબંદર મુકામે કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૪૧ લાભાર્થીઓએ લાભ મેળવેલ. જેમાં ૧૭ આખા પગ તથા ૨૪ અડધા પગ પૂરાં પાડવામાં આવ્યાં હતાં.



## શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત
## શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ
## (હીયરિંગ ઈમ્પાયર્ડ)

**પરીક્ષા :**

શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કોલેજના બી.એડ. (એચ.આઈ.) સેમેસ્ટર-૩ ના તાલીમાર્થીઓની ભાવનગર યુનિવર્સિટીની પરીક્ષા તા. ૧ થી ૫-૧૨ સુધી યોજાય. તેજ રીતે બી.એડ. (એચ.આઈ.) સેમેસ્ટર-૧ની પરીક્ષા તા. ૧૨ થી ૧૮-૧૨ દરમિયાન યોજાય હતી.

# શ્રીમતી રશ્મિ-મનહર સહાય નિધિ કોર્પસ ફંડ તથા
# શ્રીમતી વિમળાલક્ષ્મી રમણલાલ ઓ. સંઘવી સ્ટાફ વેલફેર

**કોર્પસ ફંડના લાભાર્થીને દિવાળી કીટનું વિતરણ :**




રશ્મિ-મનહર સહાય નિધિ કોર્પસ ફંડના ૧૦૦ જેટલા બધિર લાભાર્થી વ્યક્તિ / કુટુંબને દિવાળી નિમિત્તે ૫ કિ. ખાંડ, ૧ કિ. રવો, ૧ કિ. મેંદો, ચોળાફળી, મઠીયા, ફાફડા તથા ઉત્સવને ઉપયોગી વસ્તુ, ૨ જોડી નવા કપડાં વગેરે આપવામાં આવેલ છે. જેમાં શ્રી સોનલબેન પ્રણવભાઈ મહેતા, શ્રી નિતીનભાઈ એ. જવેરી, શ્રી રબ્બર એન્ડ કેમિકલ એસો., શ્રી ચિરાગભાઈ પટેલ, શ્રી વિભાબેન દોશી, ઈનર વ્હીલ કલબ ઓફ ભાવનગરે આમાં સહાય કરેલ છે.

શ્રીમતી વિમળાલક્ષ્મી સ્ટાફ વેલફેરના કુલ ૬૫ જેટલા લાભાર્થીઓને ૫ કિ. ખાંડ, ૧ કિ. રવો, મેદો, ચોળાફળી, મઠિયા, ફાફડા, ૧ જોડી નવા કપડાં, ઉત્સવને લગતી કીટ આ ફંડમાંથી આપેલ છે. વિતરણમાં શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી જીતુભાઈ શાહ, શ્રી બીનાબેન ઓઝા તથા શ્રી શેફાલીબેન ચૌધરી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં.



## નડિયાદ ખાતે વિશ્વ વિકલાંગ દિનની ઉજવણીમાં બધિર બાળકો



તા. ૯-૧૨ ના રોજ શ્રી એસ.જી. બ્રહ્મભટ્ટ બધિર વિદ્યા વિહાર, નડિયાદ ખાતે ગુજરાતની બધી જ બધિર શાળાઓ દ્વારા **વિશ્વ વિકલાંગ દિન**ની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં અમદાવાદ, પાટણ, અમરેલી વગેરે શાળાઓના વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્ય તથા અગ્રણીઓ જોડાયા હતાં. શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા ભાવનગરના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા સાહેબને મુખ્ય અતિથિ તરીકે સ્નેહ સભર આમંત્રિત કરાયેલ.

આ કાર્યક્રમમાં પ્રાથમિક અને માધ્યમિક વિભાગના ૧૦ વિદ્યાર્થીઓ તથા ૨ શિક્ષકો ગયા હતાં. વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી અંતર્ગત શ્રી ગાયત્રી મંત્રનું સાઈન લેંગ્વેજ દ્વારા ગાન કરવામાં આવ્યું તથા સાઈનમાં પ્રાર્થના, ભજન રજૂ કરેલ અને શાળાની વિદ્યાર્થીની ફેન્સી પટોડિયાએ સાઈન લેંગ્વેજમાં વિશ્વ વિકલાંગ દિન નિમિત્તે પોતાના વિચારો રજૂ કરેલ. વિદ્યાર્થીઓના ઈન્ટરપ્રિટર તરીકે શ્રી જયોતિબેન બારૈયાએ કામગીરી કરેલ તથા ઉજવણી સંદર્ભે શ્રી સંદીપભાઈ ગોસ્વામીએ પોતાનો પ્રતિભાવ આપેલ. ગુજરાતભરની શાળાઓએ પોતાની ઈવેન્ટ રજૂ કરી હતી. કાર્યક્રમમાં મુખ્ય અતિથિનું સ્થાન શોભાવતા સંસ્થાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ તેમના પ્રેરણાદાયી પ્રવચનમાં 'વિકલાંગ વ્યક્તિ ધારે તો શું ન કરી શકે ?' એ વિષય પર ભાર મૂકયો હતો. સફળ દિવ્યાંગ વ્યક્તિઓના ઉદાહરણ આપીને તેમણે ઉપસ્થિત સૌને લાગણીસભર બનાવી દીધા હતાં તથા હૃદયને સ્પર્શી જાય તેવા દિવ્યાંગો સાથેના પોતાના અનંભવોની વાત કરી હતી તથા દિવ્યાંગોના હિત માટે કાર્ય કરવા શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટ, ભાવનગર હંમેશા તત્પર રહેશે તેવી ખાત્રી આપી હતી.

યજમાન પદે નડિયાદ શાળાના પ્રમુખ શ્રી પટેલ સાહેબે, દિવ્યાંગો માટે કાર્યકર્તા, શિક્ષકો, આચાર્ય તથા દરેક કર્મચારીઓને પ્રોત્સાહન આપતા 'દિવ્યાંગ માટે કાર્ય એજ આપણો ધ્યેય' પર વ્યકતવ્ય આપેલ. નડિયાદના આચાર્યશ્રી પ્રજ્ઞાબેન ગોર, શિક્ષકશ્રીઓ તથા અન્ય સ્ટાફ મિત્રોની હૃદય પૂર્વક જહેમતથી કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો હતો.

**- જ્યોતિ બારૈયા**

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

# શેઠ શ્રી વી.સી. લોટાવાળા હોસ્પિટલ



સૂર્યકાંત ચાવડા

**વિનામૂલ્યે મોતિયાના ઓપરેશનનો કેમ્પ :**



અંધત્વ નિયંત્રણ પ્રોગ્રામ અંતર્ગત તા. ૨-૧૨ ના રોજ નિઃશુલ્ક મોતિયાના ઓપરેશનનો કેમ્પ યોજાયો આંખના નિષ્ણાંત ડૉ. હર્ષાબેન મહેશ્વરી સવારે ૧૦ થી ૧૨:૩૦ તથા ડૉ. નિશાબેન ચૌહાણ ૪ થી ૬ દરમ્યાન નિદાન કરી ૪૯ દર્દીઓની નિદાન સોમવારથી શનિવાર દરમ્યાન નિઃશુલ્ક ઓપરેશન કરી આપવામાં આવશે.

**સ્ત્રી રોગનો નિઃશૂલ્ક તપાસ કેમ્પ :**

સ્ત્રી રોગ અને પ્રસુતિ નિષ્ણાત ડૉ. શ્રી યશશ્રી શાહ દ્વારા તા. ૨-૧૨ સવારે ૧૦ થી ૧ અને સાંજે ૫ થી ૭ દરમ્યાન આ નિઃશુલ્ક કેમ્પમાં આવેલ લાભાર્થી બહેનોને નીચે મુજબની તપાસ નિઃશૂલ્ક કરી આપવામાં આવેલ. સગર્ભા બહેનોનો ચેકઅપ, પ્રસુતિ અને તેને લગતા રોગો, કોથળી તથા અંડાશયને લગતા રોગો, વ્યંધત્વ નિવારણ (બાળક રહેતું ન હોય), વારંવાર ગર્ભપાત (કસુવાવડ), માસિકની અનિયમિતતા, વધુ-ઓછું આવવું અને તેની પીડા, પેડુનો દુખાવો, લોહી પડવું. દુર્ગંધવાળું સફેદ પાણી પડવું. વિગેરે રોગોના સચોટ નિદાન કરી આપેલ તેઓને જરૂરી સારવાર કરવામાં આવશે. ભાવેણાની બહેનોએ આવા રોગોની સારવાર માટે નિષ્ણાંત ડૉકટરની સેવાનો લાભ લીધો હતો.



સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

# ‘અંકુર’ મંદબુધ્ધિવાળા બાળકોની શાળા



નેહલ ગઢવી

**ઓનલાઈન યોગ સ્પર્ધાના વિજેતાઓનો સન્માન કાર્યક્રમ યોજાયો. :**



મરહુમ રજાક બેગ મીરજા સાહેબની સ્મૃતિમાં છત્તીસગઢ ખાતે યોજાયેલ **ઓલ ઈન્ડિયા ઓનલાઈન યોગ સ્પર્ધા**માં સમગ્ર ભારતના ૪૦૦ નોર્મલ ભાઈઓ-બહેનોએ ભાગ લીધેલ. જેમાં ભાવનગરની અંકુર શાળાના મનોદિવ્યાંગ બાળકોએ ગુજરાત ટીમ વતી ભાગ લઈ બહેનોના વિભાગમાં કુમારી દાઉદાણી મહેજબીને સિલ્વર મેડલ અને ભાઈઓમાં મોરી વેદે બ્રોન્ઝ મેડલ મેળવી, એક અનોખો વિક્રમ સ્થાપિત કરી વિશિષ્ટ સિધ્ધિ મેળવેલ. વિશેષમાં આ યોગ સ્પર્ધામાં ૪૦૦ નોર્મલ ભાઈઓ-બહેનોએ ભાગ લીધો હતો. જેમાં શાળાના મનોદિવ્યાંગ બાળકોએ મેડલ મેળવી રાષ્ટ્રિય કક્ષાએ અંકુર શાળાનું નામ ગુજતું કર્યું હતું. જેનો સન્માન કાર્યક્રમ યોજાયેલ જેમાં મુખ્ય મહેમાન ડૉ. શ્રી મહેબુબભાઈ કુરેશી (વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર), કમાન્ડર શ્રી રાજેશભાઈ રાઠોડ (નિવૃત્ત આર્મી ઓફિસર), પરવીનબેન (મેનેજિંગ ટ્રસ્ટી, વિસામો ટ્રસ્ટ), ઈદ્રીશભાઈ કુરેશી (પ્રિન્સિપાલ, પાનવાડી પ્રાથમિક શાળા), શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાહેબ અને અન્ય મહેમાનોની હાજરીમાં બંને બાળકોને મેડલ અને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. કોચ તરીકે શ્રી આસિફખાન પઠાણે ટ્રેનિંગ આપેલ અને આવી વિશિષ્ટ સિધ્ધિ બદલ અંકુર શાળા પરિવાર વતી બંને બાળકો તથા કોચને ખૂબ-ખૂબ શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

**‘અંકુર’ શાળાનું ગૌરવ ‘‘નારી શક્તિ વંદના’’ :**

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના ૩૧મા યુવક મહોત્સવ-૨૩ દરમ્યાન ભાવનગર શહેરની અલગ-

અલગ વિષયોમાં વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર મહિલાઓનું **નારી શક્તિ વંદના** અંતર્ગત સન્માન કરવામાં આવેલ. જેમાં દેશ-વિદેશમાં વક્તા તરીકે પ્રસિધ્ધિ અને સફળતા મેળવવા બદલ અંકુર શાળાના સુશ્રી નેહલબેન ગઢવીનું સન્માન કરવામાં આવેલ. તેમજ સંગીત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રગતિ કરી પ્રસિધ્ધિ મેળવવા બદલ અંકુર શાળાના મ્યુઝિક થેરાપિસ્ટ અને સુપ્રસિધ્ધ ગાયિકા ડૉ. ભાવના અંધારિયા મહેતાનું સન્માન કરવામાં આવેલ. આ સન્માન મેળવવા બદલ અંકુર શાળા પરિવાર ગૌરવની લાગણી અનુભવી શ્રી નેહલબેન અને ડૉ. ભાવનાબેનને અભિનંદન પાઠવે છે.

**વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી :**

સમગ્ર વિશ્વમાં ૩ ડિસેમ્બર વિશ્વ દિવ્યાંગ દિવસ તરીકે મનાવવામાં આવે છે. શાળામાં પણ દર વર્ષે અલગ-અલગ થીમ આધારિત આ દિવસ મનાવવામાં આવે છે આ વર્ષે શાળામાં અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, હરિદ્વારના માધ્યમથી ગાયત્રી મંત્ર સાધના અંગેના પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. જેમાં એક જ તારીખ અને સમયે ભારતના વિવિધ શહેરોમાં ગાયત્રી મંત્ર કરવામાં આવેલ. જેમાં શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

**મનોદિવ્યાંગ દિવસની ઉજવણી :**



શાળામાં દર વર્ષની માફક આ વર્ષે પણ ૮ ડિસેમ્બરના રોજ **મનોદિવ્યાંગ દિવસ**ની શાનદાર રીતે ઉજવણી કરવામાં આવેલ. મનોદિવ્યાંગ બાળકો આ દિવસને ખૂબ આનંદમય રીતે મનાવે તે આશયને ધ્યાનમાં રાખી નાના બાળકો માટે બોરતળાવ-બાલવાટિકા ખાતે અને મોટા બાળકો માટે મામસા સ્થિત એક ફાર્મ હાઉસ ખાતે પીકનિકનું આયોજન કરવામાં આવેલ. જ્યાં બાળકોએ વિવિધ રાઈડ્સ, રમતો તેમજ ફ્રી ડાન્સનો આનંદ માણી ખરા અર્થમાં આ દિવસની સુંદર ઉજવણી કરેલ અને અંતમાં સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લીધો હતો.

# મંદબુધ્ધિ એટલે શું ?



✍ અલ્પેશ શેઠ

**મંદબુધ્ધિના કારણો અને ઉપચાર :**

**મંદબુધ્ધિ એટલે શું ?**

સામાન્ય શબ્દોમાં કહીએ તો મંદબુધ્ધિ એટલે બાળકના માનસિક વિકાસ અને વૃધ્ધિમાં ખામી. મંદબુધ્ધિ ધરાવતા બાળકોની માનસિક ક્ષમતા તેની વયના સામાન્ય બાળક કરતા ઓછી હોય છે. જેને લીધે તેમની શીખવાની ક્ષમતા ઓછી થતી જાય છે.



મંદબુધ્ધિ બાળકોનો વિકાસ ધીમો હોય છે, પરંતુ જો તેમને યોગ્ય સંભાળ, વાતાવરણ અને તાલીમ મળે તો, તેઓની ક્ષમતાનો વધુમાં વધુ કે પૂરેપૂરો ઉપયોગ થઈ શકે. મંદબુધ્ધિ ધરાવતા બાળકનું નિદાન જેટલું અને તેટલું વહેલા થઈ જાય તો તેમને યોગ્ય માર્ગદર્શન મળી રહે છે. જેને લીધે તેઓ પોતાની મર્યાદામાં રહીને વિકાસ સાધી શકે છે.

**કેવી રીતે જાણી શકો કે બાળક મંદબુધ્ધિનું છે ?**

જ્યારે માતા-પિતાને જાણ થાય કે તેમનું બાળક કોઈ પ્રતિક્રિયા આપતું નથી, તેની સમજશક્તિ ઓછી છે, તેનો દેખાવ અન્યથી અલગ છે, શારીરિક અશક્ત છે, પોતાની ઉંમરના બીજા બાળકો સાથે ભળતું નથી, તેનો વિકાસ ધીમો છે, ત્યારે તુરત જ સ્વાસ્થ્ય કાર્યકર્તા કે ડૉકટરની સલાહ લેવી જોઈએ. વિકાસના માપદંડ દ્વારા પણ માનસિક અશકત બાળકોને ઓળખી શકાય છે.

**મંદબુધ્ધિ વિશેની કેટલીક ગેરસમજ**

**૧. શું મંદબુધ્ધિ એ રોગ છે ? :** ના, મંદબુધ્ધિ એ એક પરિસ્થિતિ છે, જેમાં બાળકનો માનસિક અને શારીરિક વિકાસ ધીમો હોય છે.

**૨. શું મંદબુધ્ધિનો ઈલાજ થઈ શકે છે ? :** ના, મંદબુધ્ધિનો ઈલાજ શકય નથી. તેની કોઈ દવા નથી. પરંતુ તેમને બને તેટલી જલ્દીથી તાલીમ આપીને પોતાની જાતે સંભાળ લેવાનું શીખવી શકાય છે. મંત્ર દોરા-ધાગા-ભુવા-પંડિત, ગ્રહો તે કોઈ આનો ઈલાજ નથી.

**૩. શું મંદબુધ્ધિ એ માનસિક બિમારી છે ? :** ના, મંદબુધ્ધિ એ માનસિક બિમારી નથી, માનસિક બિમારી એ માંદગી છે. માનસિક બીમારીનો ઈલાજ શક્ય છે.

**૪. શું મંદબુધ્ધિનો ઈલાજ લગ્નથી થઈ શકે છે ? :** ના, મંદબુધ્ધિ ધરાવતો માણસ પોતે સંપૂર્ણ સ્વતંત્ર બની શકતો નથી. તેથી તેમનુ પોતાનું અને તેમના પરિવારનું પણ ધ્યાન રાખવું તેમના માટે મુશ્કેલ બને છે. પરંતુ આઈ.કયુ. લેવલ સારું હોય તો ઘણા લગ્ન કરે છે.

**૫. શું મંદબુધ્ધિ અને Learning Disability બંને એક જ છે ? :** ના, Learning Disability ધરાવતા બાળકોનો બુધ્ધિ આંક સામાન્ય હોઈ શકે છે. તેઓને માત્ર કોઈ ચોક્કસ ક્ષેત્રમાં જ શીખવાની તકલીફ હોય છે.

જેમ કે, વાંચવાની, લખવાની, ગણિતની વગેરે Learning Disability ની સારવાર શકય છે. આ રીતે મંદબુધ્ધિ અંગે પ્રાથમિક જાણકારી વહેલાસર મળે તો તે અંગેની જરૂરી તાલીમ શરૂ કરી શકાય.

**બાળક માનસિક ક્ષતિવાળું શા માટે થાય છે ?**

**માનસિક ક્ષતિવાળું બાળક થવાના ૩ (ત્રણ) કારણો છે.**

૧. સગર્ભાવસ્થા દરમિયાન (Pre-natal)

૨. પ્રસૂતિ સમય દરમિયાન (Peri-natal)

૩. પ્રસૂતિ પછી (Post-natal)

સગર્ભાવસ્થા દરમિયાન મુખ્યત્વે નીચે જણાવેલ કારણોસર બાળક માનસિક ક્ષતિગ્રસ્ત જન્મવાની શકયતાઓ છે.

વારસાગત કારણે (Genetic Disorder - Hereditary)

- ક્રોમોઝોમ ડિસઓર્ડર
- ખામીયુકત જીન્સ
- ગર્ભધારણ સમયે માતાની ઉંમર ૨૦ વર્ષ કરતા ઓછી અને ૩૫ વર્ષ કરતા વધારે હોય.
- ગર્ભાવસ્થાના પ્રથમ ૩ માસ દરમિયાન માતા દ્વારા લેવાયેલ એક્ષ-રે, કેન્સર સારવાર કે એપિલેપ્ટિક ડ્રગ્ઝનો ઉપયોગ કે ડૉકટરની સલાહ વગર લેવાતી વધુ પડતી દવાઓની આડ-અસર.
- ગર્ભાવસ્થાના પ્રથમ ત્રણ માસ દરમિયાન માતાને જર્મન ઓરી, રૂબેલા (નૂરબીબી), હરપીસ, સિફિલીસ, ટી.બી. જેવા કોઈપણ ચેપી રોગ થયા હોય.
- ગર્ભાવસ્થા દરમિયાન માતાને કમળો, ડાયાબિટીસ, લોહીનું ઉંચુ દબાણ, હાથ-પગમાં સોજા, ચક્કર, કિડની કે થાયરોડની બિમારી, હૃદયરોગ, એનિમીયા, આંચકી જેવા રોગોની અસર હોય.
- આ સમય દરમિયાન માતાને નડેલ અકસ્માતથી ગર્ભને થયેલ ઈજા કે માતાને લાગેલ માનસિક આઘાત.
- આ સમય દરમિયાન માતાએ દારૂ, તમાકુ, ધુમ્રપાન જેવા નશીલા પદાર્થનું સેવન કરેલ હોય.
- માતાને પૂરતા અને પૌષ્ટિક આહારની ઉણપ. (અપોષણ)
- દાયણ કે બિન તાલીમી નર્સ દ્વારા ગર્ભપાતનો પ્રયત્ન.

**મંદબુધ્ધિની અપંગતા માટે ત્રણ સ્તરે અટકાયતી પગલાં લેવા જોઈએ.**

**પ્રસૂતિ સમય પૂર્વે :**

**ગર્ભાવસ્થા દરમિયાન નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.**

- ડૉકટર કે આરોગ્ય કેન્દ્રમાં નિયમિત તપાસ કરાવવી જોઈએ.
- માતાને લોહીનું ઉંચું દબાણ હોય કે વારંવાર ફીટ આવતી હોય તો નિષ્ણાત ડૉકટરની દેખરેખ હેઠળ સમતોલ અને પોષણયુકત ખોરાક લેવો જોઈએ. ધનુરનું ઈન્જેકશન લેવું જોઈએ.
- રૂબેલાની રસી મુકાવવી જોઈએ.
- અગાઉ અપંગ બાળક જન્મ્યું હોય કે વારંવાર કસુવાવડ થયેલ હોય, તો જીનેટિકસ તપાસ કરાવવી જોઈએ અને ખાસ સલાહ લેવી જોઈએ.
- વજનદાર વસ્તુ ઉંચકવી ન જોઈએ, લપસણી જમીન ઉપર ચાલવું નહીં, ઝાડ, દાદર કે ટેબલ ઉપર ચડવાનું નિવારવું.
- ડૉકટરની સલાહ મુજબ જ દવા લેવી જોઈએ. ગર્ભધારણ થયાના પ્રથમ ત્રણ માસ દરમિયાન એક્ષ-રે નિવારવી જોઈએ.

**પ્રસૂતિ સમયે :**

**પ્રસૂતિ સમય દરમિયાન નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.**


- જયાં સારી સુવિધા ઉપલબ્ધ હોય ત્યાં પ્રથમ પ્રસુતિ તાલીમી તબીબ દ્વારા જ કરાવવી હિતાવહ છે.
- પ્રસુતિ પછી બાળક રડે નહીં અથવા ભૂરું થઈ જાય તો, શ્વાચ્છોવાસ યોગ્ય રીતે થાય અને બાળકને પૂરતો ઓકિસજન મળે તેમ કરવું જોઈએ.
- બાળકનું માથું મોટું કે નાનું હોય અથવા બાળક પીળું (Yellow) લાગે તો ડૉકટરનો સંપર્ક કરવો જોઈએ.

**પ્રસૂતિ પછી :**
**પ્રસૂતિ પછી નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.**

- જન્મ પછી બાળકને લાંબો સમય તાવ, ખેંચ, માથામાં થયેલ ઈજા, સખત ઝાડા, અપૂરતું પોષણ, કમળો હોય તો તુરત જ પગલાં લેવા, નહીંતર બાળક મંદબુધ્ધિ થઈ શકે.
- આ સમય દરમિયાન પ્રથમ વર્ષમાંજ બાળકનું ડિપ્થેરીયા, કફ, ધનુર, પોલિયો, જર્મન ઓરી અને ક્ષયરોગથી રક્ષણ મેળવવા રસીકરણ કરવું જરૂરી ગણાય.
- બાળકના જન્મ બાદ પ્રથમ ૬ માસ દરમિયાન વિકાસ વિલંબિત હોય, તો નિષ્ણાતને બતાવી સલાહ લેવી.
- બાળકને ૧૦૪ ડિગ્રી કે તેથી વધુ તાવ હોય તો મગજને નુકશાન થાય, તાવ ઉતરી જાય તેમ કરવું જોઈએ, ઠંડા પાણીના પોતા મુકવા, દવા આપીને તાવ ઉતારવો જોઈએ.
- બાળકને ખૂબ તાણ કે ખેંચ આવે તો તે માટે દવા લઈ ખેંચ કાબુમાં લેવી જોઈએ, નહીંતર બાળક મંદબુધ્ધિ થવા સંભવ છે.
- અકસ્માતથી માથાની ઈજાને કારણે બાળક મંદબુધ્ધિ થઈ શકે, અકસ્માત કે માથાને ઈજા ન થાય તેની તકેદારી રાખવી.
- કેટલીક ખામી વારસાગત આવે છે, તેથી લોહીના સંબંધ ધરાવનાર વચ્ચે (સગોત્ર) લગ્ન નિવારવા જોઈએ.
- ૧૮ વર્ષ નીચે કે ૩૫ વર્ષ પછી ગર્ભધારણ હિતાવહ નથી, તે નિવારવું જોઈએ.
- આ રીતે ગર્ભાવસ્થા, પ્રસૂતિ દરમિયાન અને પ્રસૂતિ બાદ કેટલીક બાબતનો ધ્યાન રાખવાથી માનસિક ક્ષતિવાળુ બાળક જન્મતા અટકાવી શકાય છે.

ભાવનગરમાં સરદારનગર ખાતે આવેલ 'અંકુર' મદબુધ્ધિવાળા બાળકોની શાળા ૧૯૭૯ થી આજ સુધી અવિરત મંદબુધ્ધિ બાળકોની તાલીમ અને પુનઃવસનનું કાર્ય કરી રહી છે. જે ભાવનગર જિલ્લાની એકમાત્ર મંદબુધ્ધિ બાળકોની વિશિષ્ટ શાળા છે. હાલ શાળામાં ૨૪૦ બાળકો તાલીમ અને શિક્ષણ મેળવી રહ્યાં છે. કોઈપણ પ્રકારની ફી લેવામાં આવતી નથી. તેમજ અંકુર શાળા મંદબુધ્ધિ બાળકોને ફક્ત તાલીમ જ નથી આપતી, પરંતુ તેઓ આ બાળકોને આર્થિક રીતે પગભર કરી તેનું સમાજમાં પુનઃસ્થાપિત કરવાનું ઉમદા કાર્ય પણ કરી રહ્યું છે. જેના માટે શાળા દ્વારા સંચાલિત શ્રીમતી ભાનુવાડી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં ૧૮ વર્ષથી ઉપરના બાળકોને વ્યવસાયિક તાલીમ જેમ કે, તોરણ-હેંગિંગ-કેન્ડલ-બાજોટ-રૂમાલ-ગિફ્ટ બેગ જેવી વિવિધ વસ્તુઓનું ઉત્પાદન કાર્ય શીખવવામાં આવે છે. અને તેનું દેશ-વિદેશમાં વેચાણ કરવામાં આવે છે. અને તેમાં મળેલ નફાની રકમ આ મંદબુધ્ધિ બાળકોને આપી તેમના જીવન નિર્વાહમાં મદદરૂપ થાય છે.

આ મંદબુધ્ધિ બાળકોના સર્વાંગિ વિકાસ માટે સંસ્થાના સ્થાપક ટ્રસ્ટી શ્રી બાબાભાઈ, પ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી, સર્વો ટ્રસ્ટીશ્રીઓ, આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી, વોકેશનલ વિભાગના હેડ શ્રી નેહલબેન ગઢવી તથા સમર્પિત સ્ટાફ સતત પ્રયત્નશીલ છે. **-અલ્પેશભાઈ કે. શેઠ, માનદ્ મંત્રી-અંકુર**



## સ્વ. શશીકાંત સાકરલાલ વેલાણી
## ટિચર્સ ટ્રેનિંગ કોલેજ ફોર આઈ.ડી. ચિલ્ડ્રન

**ડો. ભાવિકા કામદાર**



**તાલીમાર્થીઓ દ્વારા મનોદિવ્યાંગ દિવસની ઉજવણી :**



'અંકુર' ટ્રેઈનિંગ કોલેજ દ્વારા હર્ષોલ્લાસ સાથે મનોદિવ્યાંગ દિવસની ઉજવણી કરવામાં આવેલ. જેમાં તાલીમાર્થીઓ દ્વારા બાળકોને અલગ-અલગ ગ્રુપમાં વિભાજીત કરી વિવિધ રમત રમાડવામાં આવેલ અને ફ્રી ડાન્સ કરાવવામાં આવેલ. તેમજ બાળકોને બોરતળાવ-બાલવાટિકા ખાતે પણ એક પીકનીક કરાવવામાં આવેલ. જયાં બાળકોએ કુદરતી વાતાવરણમાં બાલવાટિકા સ્થિત વિવિધ રાઈડ્સનો આનંદ માણેલ.

આમ ટ્રેઈનિંગ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા મંદબુધ્ધિ બાળકોને પીકનીક-ડાન્સ અને રમત-ગમતના માધ્યમથી સવિશેષ આનંદ કરાવી, ખરા અર્થમાં મનોદિવ્યાંગ દિવસની ઉજવણી કરવામાં આવેલ. આ સમગ્ર આયોજનમાં કો-ઓર્ડિનેટર શ્રી ભાવિકાબેનનું સુંદર માર્ગદર્શન રહ્યું હતું.



# યુવક સંમેલન મુંબઈ
# લાઈબ્રેરી



છાયા જોષી

**લાઈબ્રેરીમાં ડિસેમ્બર મહિના દરમ્યાન નીચે મુજબ એક્ટિવિટી કરવવામાં આવી :**

૧૮૦ પુસ્તકો ઈસ્યુ થયા, ૩૫ ટોયઝ ઈસ્યુ થયા, ૨૦ સ્પેલિંગ એક્ટિવિટી, ૧૮ મેથ્સ એક્ટિવિટી, ૧૨ ડ્રોઈંગ એક્ટિવિટી કરાવી જેથી બાળકો હોંશે-હોંશે લાઈબ્રેરીમાં આવે છે.

**દિવ્યાંગ હમસફર. કોમ લોન્ચ :**

Divyanghumsafar.com નામની વેબસાઈટ અને એપને લોન્ચ કરી.

ઈંદોર (ન્યૂઝ ડેસ્ક). વિકલાંગ યુવક-યુવતિઓને લગ્ન માટે યોગ્ય જીવનસાથી શોધવામાં ઘણી મુશ્કેલી પડે છે. સમાન શારીરિક ક્ષમતા ધરાવતા લોકો એકબીજાને વધુ પસંદ કરે છે અને તેઓ ઈચ્છે છે કે તેમનો જીવનસાથી સમાન અનુભવ ધરાવતો હોય, જેથી તેની તેમને નવી પરિસ્થિતિમાં પોતાને અનુકૂળ થવામાં વધુ સમય ન લાગે. **દિવ્યાંગ હમસફર. કોમ** લગ્ન ઈચ્છુક દિવ્યાંગોની સમસ્યાઓને ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવી છે. આજે સંસ્થાએ બીજું સ્વરૂપ લીધું છે, જેના દ્વારા દિવ્યાંગોને મદદ મળી રહી છે. આણંદ સેવા સોસાયટીના સેક્રેટરી જનંદ પુરોહિતે જણાવ્યું કે, “આ સમગ્ર ક્રમમાં જેમને વિકલાંગ વર-કન્યા, બધિર યુવક-યુવતિઓ માટે વિડીયો જોઈતો હોય તે મોકલી શકે છે. આ વેબસાઈટમાં અત્યાર સુધીમાં સમગ્ર ભારતમાંથી ૭૦૦૦ થી વધુ દિવ્યાંગો એકબીજાને કોલ દ્વારા સમજવામાં મદદ કરી રહ્યાં છે.”

**દિશા કમ વિકાસ પ્રોજેક્ટના સ્ટુડન્ટ્સ :**

દિશા કમ વિકાસ પ્રોજેક્ટના સ્ટુડન્ટ્સ રેગ્યુલર લાઈબ્રેરીમાં આવે છે. આ પ્રોજેક્ટમાં વિવિધ એબિલિટી ધરાવતા સ્ટુડન્ટ્સ છે, આ પ્રોજેકટમાંથી કેટલાક સ્ટુડન્ટ્સ ખૂબજ સરસ અને પરફેકટ ડ્રોઈંગ કરે છે, તો કેટલાક સ્ટુડન્ટ્સ સરસ વાંચન કરે છે, તો કોઈ સરખામણી કરોની એકિટવિટી પરફેકટલી અને સરસ રીતે કરે છે.



## દિવ્યાંગોની મંત્ર સાધના

PNR સોસાયટી, ભાવનગર, સંચાલિત ‘નટરાજ’ સેરેબ્રલ પાલ્સી બાળકોની શાળામાં વિશ્વ દિવ્યાંગ દિવસના ઉપક્રમે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, હરિદ્વાર દ્વારા પ્રેરિત ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા, દિવ્યાંગ વિભાગ, ગુજરાત દ્વારા તા. ૦૫ ડિસે.ના રોજ, દિવ્યાંગ બાળકો માટે ગાયત્રી મંત્ર સાધનાનો એક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. સી.પી. સ્કૂલના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન નીચે વિ. શિ. શ્રી ખેવનાબેન ઓઝા તથા અન્ય વિ. શિ. એ દિવ્યાંગ બાળકો સાથે ગાયત્રી મંત્ર સાધના કરી. ગાયત્રી પરિવારના સાધક શ્રી દિનેશભાઈ ત્રિવેદી તથા શ્રી નંદલાલભાઈ ધાંધલિયાની ઉપસ્થિતિમાં ગાયત્રી મંત્રનો શરીર અને મન પર પડતા સકારાત્મક પ્રભાવ માટે આધ્યાત્મિક પ્રયોગ કરી સર્વ કોઈએ આનંદ મેળવ્યો. ધ્યાન મુદ્રામાં આંખ બંધ કરીને ઉચ્ચાર દ્વારા તથા મનમાં બોલી, લાલપેનથી ગાયત્રી મંત્ર લખી ભૂલકાઓએ પરમપિતા પરમેશ્વરની આરાધના કરી.

## ગાયત્રી મંત્ર લેખન

કે. એલ. બહેરા મૂંગાશાળાના પ્રાથમિક અને માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ પાંચમી ડિસેમ્બરના રોજ **ગાયત્રી મંત્ર લેખન** અભિયાનમાં જોડાયા હતાં.

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, હરિદ્વાર દ્વારા ૩જી ડિસેમ્બર વિશ્વ વિકલાંગ દિવસના રોજ દિવ્યાંગ બાળકોમાં આધ્યાત્મિક અને આત્મિક વિકાસ થાય તેવા હેતુ માટે ગાયત્રી મંત્ર લેખનનું આયોજન કર્યું હતું. જેના ભાગરૂપે પાંચમી ડિસેમ્બરે સમગ્ર ગુજરાતના ૩૧૧૧ દિવ્યાંગ વિદ્યાર્થીઓ ગાયત્રી મંત્ર લેખન અભિયાનમાં જોડાયા હતાં. જેમાં આપણી શાળાના ધો. ૭ થી ૧૦ ના બાળકો પણ જોડાયા હતાં. અને ગાયત્રી મંત્ર લેખન કર્યું હતું. આ પ્રસંગે ગાયત્રી પરિવારમાં આવેલ બે પ્રતિનિધિભાઈઓએ ગાયત્રી મંત્રનો ઉચ્ચાર કરીને મંત્ર લેખન શરૂ કરાવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રાથમિક અને માધ્યમિક વિભાગના આચાર્યશ્રીઓએ ભારે જહેમત ઉઠાવી હતી, તેમજ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓએ ફોટોગ્રાફી અને બેઠક વ્યવસ્થામાં સહકાર આપ્યો હતો.

## કૃત્રિમ પગથી મળી સ્વપ્નને પાંખો..

ભોપાલથી સુરત, સાધન સહાય વિતરણ કેમ્પમાં આવેલી અનમખાનની આ વાત છે. પી.આર. વાધર આર્ટિફિશ્યલ લિમ્બ સેન્ટર, ભાવનગર દ્વારા તા. ૧ થી ૫ નવેમ્બર દરમ્યાન પટેલ સમાજની વાડીમાં, સુરત મુકામે **કૃત્રિમ હાથ-પગના કેમ્પ**નું આયોજન થયેલ. જેમાં ૮૪ લાભાર્થીઓને ૯૦ સાધનો પૂરા પાડવામાં આવેલ. ૬ લાભાર્થીઓને કૃત્રિમ હાથ-પગ બેસાડવામાં આવ્યાં હતાં.

બે વર્ષ પૂર્વે અકસ્માતમાં અનમખાનનો ઘૂંટણથી ઉપરનો જમણો પગ કપાવો પડવાને કારણે તે ખૂબ ડિપ્રેશનમાં આવી ગઈ હતી. ધો.૧૧-૧૨ સાયન્સના અભ્યાસ બાદ પેથોલોજી ડિપાર્ટમેન્ટમાં અભ્યાસ કરવા ઈચ્છતી આ દીકરીનું સ્વપ્ન પણ એવું કચડાયું કે, સંકોચ અને શરમને કારણે તેણે રૂમમાંથી બહાર નીકવાનું બંધ કર્યું. જીવન થંભી ગયું. અનમખાનને જયારે કૃત્રિમ પગનું માપ લેવા માટે કેમ્પમાં લાવવામાં આવી. ત્યારે તે ખૂબ જ ભયભીત હતી. કદાચ મારા પગનું ઓપરેશન થશે ? એવું વિચારીને ડરતી અનમખાનના પગનું માપ લઈ, ચાર દિવસ પછી તેને કૃત્રિમ પગ પહેરાવ્યો. બે દિવસની પ્રેક્ટિસ પછી તે સારી રીતે ચાલવા લાગી ત્યારે તમામ સ્ટાફગણનો તેણે હ્રદયથી આભાર માન્યો.



તેની જિંદગી પૂર્વવત ધબકી ઊઠી. પોતાના રોજિંદા કાર્યો તેમજ અભ્યાસ સારી રીતે કરી શકશે, તેવો આત્મવિશ્વાસ જાગ્યો. કેમ્પમાં ઉપસ્થિત મહેમાન શ્રી હર્ષદભાઈ શાહે આ વિદ્યાર્થીનીના અમેરિકા અભ્યાસ માટેની બધી જવાબદારી ઉઠાવવાની તૈયારી બતાવી હતી. કૃત્રિમ પગ અનમખાન માટે પાંખોની ગરજ સારી રહ્યાં છે.

**- વિશ્વા ભટ્ટ**

## ‘જગતના તાતને મળી સોગાદ’



રાજકોટ પાસેના જસદણ મુકામે રહેતા ૮૫ વર્ષના ભીખાભાઈ સિધ્ધપુરાના પગ પર ટ્રેકટર ચાલી જવાથી બે વર્ષથી પથારીવશ હતા. ઘૂંટણથી નીચેનો ભાગ ગુમાવવાને કારણે તેમને રોજિંદા જીવનના કામ કરવામાં પણ મુશ્કેલી થતી હતી. પરાવલંબી જીવનથી કંટાળેલા ભીખાભાઈને કોઈ સંબંધી દ્વારા આપણી સંસ્થા બાબતે જાણકારી મળી.

તેમણે અહીં પી.આર. વાધર આર્ટિફિશ્યલ લિમ્બ સેન્ટર, ભાવનગર આવીને જયારે પ્રથમ વખત કૃત્રિમ પગને સહારે ચાલવાનું શરું કર્યું ત્યારે તેમનામાં નવું જોમ પ્રગટયું. કયારેય જંપીને ન બેઠેલા ભીખાભાઈ કહે છે કે ‘હવે હું મારું દરેક કામ કરી શકીશ અને ખેતીકામની દેખરેખ પણ જાતે રાખીશ.’ એવી ખુશી વ્યકત કરીને સર્વે સ્ટાફગણનો આભાર માન્યો.

‘‘નિર્ભરને બનાવીએ સ્વનિર્ભર’’ નો સંસ્થાનો હેતુ સાકાર થયો.

**- વિશ્વા ભટ્ટ**

## દિવ્યાંગ બાળકો સાથે જન્મદિવસની સાર્થક ઉજવણી

પી.એન.આર. સોસાયટી સંચાલિત, તળાજા ખાતે ચાલતા દિવ્યાંગ પુનઃવસન કેન્દ્રના શ્રી પંકજભાઈ કટકિયા (સ્પેશ્યલ એજ્યુકેટર) ના પુત્ર રુદ્રાક્ષના જન્મદિવસની ઉજવણી દિવ્યાંગ બાળકો સાથે કેક કાપીને કરી હતી. દિવ્યાંગ બાળકોને સમાજમાં એક સ્થાન મળી રહે તેવી પ્રેરણા સાથે દિવ્યાંગ બાળકો સાથે જન્મદિવસની ઉજવણી કરી, દિવ્યાંગ બાળકોના ચેહરાનું સ્મિત બની સાર્થક જન્મદિવસની ઉજવ્યો હતો. આ પ્રસંગે બાળકોને નાસ્તો, રમકડાં તેમજ લંચબોક્સ સાથે પાણીની બોટલનું વિતરણ કરાયું હતું.



## એમએસયુમાં ભણતી સ્નેહા રાઠવાને ૭ વર્ષની વયે પતંગ પકડવા જતાં વીજ કરંટ લાગ્યો હતો, બંને હાથ ગુમાવ્યા છતાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી

વડોદરા : 'મન મજબૂત હોય તો કોઈપણ કાર્ય અશકય નથી.' એમએસયુની સમરસ હોસ્ટેલમાં રહીને બી.કોમનો અભ્યાસ કરતી ૧૯ વર્ષીય સ્નેહા રાઠવાએ આ વાકયને ચરિતાર્થ કર્યું છે. સ્નેહા મૂળ હાલોલની રહેવાસી છે. ૨૦૧૨માં એક દિવસ ઘરના ધાબા પર પતંગ પકડવા જતા જીવંત વાયરને અડકી જતાં વીજ કરંટ લાગ્યો હતો. બે મહિનાની સારવાર બાદ ડૉક્ટરે તેણીના બંને હાથ કાપવા પડશે તેવું જણાવ્યું હતું. બંને હાથ ગુમાવ્યા બાદ પણ સ્નેહાનું મનોબળ મજબૂત રહ્યું. તેના માતા-પિતાએ પણ નિરાશ થયા વગર આગળ વધવા સતત પ્રેરણા આપી. હવે સ્નેહા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહી છે. સ્નેહાના પિતા હાલ હાલોલની સરકારી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેમજ માતા ગૃહિણી છે. **સંવાદક - પીયૂષ પારાશર્ય**

## સયાજી હોસ્પિટલમાં રાજકોટની બે વર્ષની બાળકીની સર્જરી થતા બોલતી થઈ

રાજકોટ અને અમદાવાદની હોસ્પિટલમાં સાજી નહી થનાર બાળકીને સયાજી હોસ્પિટલ, વડોદરામાં રિફર કરવામાં આવી હતી. છ મહિનાની ઉંમરે બાળકીને બ્રોંકોનિમોન્યા થવાથી વેન્ટિલેટરી સપોર્ટ માટે ગળામાં ટ્યૂબ (ટ્રેક્યોસ્ટોમી) નાંખવામાં આવી હતી. દર્દીની હાલત સુધર્યા પછી તપાસમાં જન્મજાત ગ્લોટિક વેબ (સ્વર તંતુ પરનો પડદો) હોવાનું નિદાન થયું હતું. ઓગસ્ટ મહિનામાં બાળકીને લઈને તેના માતા-પિતા સયાજી હોસ્પિટલમાં આવ્યાં હતાં. ઈ.એન.ટી. ડિપાર્ટમેન્ટ દ્વારા દૂરબીન અને કોબલેટરનો ઉપયોગ કરીને વેબને ઓપન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સ્પેશ્યલ લેરીંન્જીયલ બલૂન કેથેટરથી પહોળું કરાયું હતું. સ્વરતંતુનો પડદાવાળો ભાગ પહોળો કર્યા પછી ગળાની નળી કાઢી નાંખવામાં આવી હતી. તેનાથી બાળકી સામાન્ય રીતે શ્વાસ લેતી અને બોલી શકતી થઈ. સયાજી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ. રંજન ઐયરે જણાવ્યું હતું કે, ''સયાજી હોસ્પિટલમાં આવા ૧૦ ઓપરેશન સફળતાપૂર્વક થયા છે. અત્યાધુનિક ટેકનોલોજીવાળા સાધનોના કારણે હોસ્પિટલમાં આ વર્ષે કુલ ૩૦ ઓપરેશન શ્વાસ નળીને લગતા થયા છે.'' **સંવાદક -પીયૂષ પારાશર્ય**

## પેરા ખેલો ઈન્ડિયા ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ દિલ્હી ૨૦૨૩માં ભાવનગરના દિવ્યાંગ ખિલાડીઓને ૧૮ મેડલ મળ્યાં.



દિલ્હીમાં તા. ૧૨-૧૨ થી ૧૭-૧૨ સુધી આયોજન થયેલ ખેલો ઈન્ડિયા (પેરા) ટુર્નામેન્ટમાં ભાવનગર જિલ્લાના ટેબલ ટેનિસ દિવ્યાંગ ખેલાડી ગુજરાત કોચ ભાર્ગવ ડાભીના માર્ગદર્શન હેઠળ અને પાર્થ યુવા મંડળ ચેરીટેબલ ટ્રસ્ટના પેરા સ્પોટ ચેરમેન મનસુખભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ ૧. સરલાબેન સોલંકી ફીમેલ કેટગરી ૮ બ્રોન્ઝ મેડલ, ૨. જીગર ચાંપાનેરી કેટરી ૩ મેલ બ્રોનઝ મેડલ, ૩. સોનલ ડાભી ફીમેલ કેટગરી ૭ બ્રોન્ઝ મેડલ આજરોજ દિલ્હી ખાતે વગેરેની વિવિધ પોતાની કેટેગરીમાં પેરા ટેબલ ટેનીસમાં બ્રોન્ઝ મેડલ મળવા બદલ પાર્થ યુવા મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ અને કે.એસ.એમ. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, ઘોઘા સર્કલ, ગુજરાત અને ભાવનગરનું ગૌરવ વધારેલ છે. ટેબલ ટેનિસ સાધન સહાયના દાતા શ્રી રાજેશભાઈ મહેતા અને ઈનરવ્હિલ કલબ ભાવનગર ૩૦૬ તરફથી મળેલ ટેબલ, ટેબલ ટેનિસના રેકેટ, બોલ અને સ્પોર્ટ્સ વ્હિલચેર, ટી-શર્ટ મળેલ હતાં. જે સાધન સહયોગ થકી દિવ્યાંગ ખિલાડીઓ સક્ષમ બન્યાં તેમજ આજરોજ બ્રોનઝ મેડલ ગુજરાત અને ભાવનગરનું ગૌરવ વધારેલ છે. **સંવાદક - જય હિન્દ**

## ઈ-મેઈલ - વોટસઅપથી 'કોશિશ' મેળવો.

**માનવંતા વાચકોને જણાવવાનું કે સંસ્થાનું 'કોશિશ થી કામયાબી' મેગેઝિન આપને હવેથી ઈ-મેઈલ તથા વોટસઅપ દ્વારા મોકલવાનું આયોજન કર્યું છે, તો આપનું E-Mail ID તથા વોટસઅપ નંબર અને આપનું નામ, નીચેના E-Mail ID ઉપર મોકલવા વિનંતી. E-Mail : info@pnrsociety.org**

# લર્ન એન્ડ અર્ન આર્ટ વર્કશોપ



ભાવનગરની પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ સેરેબ્રલ પાલ્સિ સ્કૂલ ખાતે તા. ૧૯ થી ૨૦ ડિસે.'૨૩ દરમ્યાન મુંબઈથી પધારેલ શ્રીમતી જયશ્રીબેન સંઘવી અને તેની ટીમ દ્વારા દિવ્યાંગોને કૌશલ્યવર્ધક તાલીમ આપવામાં આવી હતી. દિવ્યાંગોને આર્થિક રીતે પગભર કરવા મીણબત્તી, સાબુ, ચોકલેટ, અત્તર, ધૂપ બનાવવાની તાલીમ આપવા અંગેના વર્કશોપનું આયોજન થયું હતું. સી.પી. સ્કૂલના ઈ.પ્રિ. શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન તળે યોજાયેલ. વર્કશોપનો શુભારંભ દિવ્યાંગ વિદ્યાર્થી દ્વારા ગવાયેલ પ્રભુ પ્રાર્થના દ્વારા થયેલ. સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, સહમંત્રી શ્રી ધીરૂભાઈ ધંધુકિયા, મુંબઈથી પધારેલ સર્વશ્રી કીર્તિભાઈ સંઘવી, શ્રી જયશ્રીબેન સંઘવી, ફેકલ્ટી શ્રી જયશ્રીબેન ઠક્કર, કુ. મેઘનાબેન અને નઝિમાબેન, સંસ્થાના શિક્ષકો વિગેરે આ પ્રસંગે ઉપસ્થિત રહેલ.

બે દિવસની સઘન તાલીમ બાદ શ્રી જયશ્રીબેન સંઘવી અને ફેકલ્ટીઓનું સન્માન સમારોહ યોજી, ટ્રસ્ટી સર્વ શ્રી કીર્તિભાઈ સંઘવી (મુંબઈ), સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, સહમંત્રી શ્રી ધીરુભાઈ ધંધુકિયા દ્વારા મેમેન્ટો તથા સ્નેહ ભેટ આપી અભિવાદન કરાયું હતું.

મુંબઈથી પધારેલ ફેકલ્ટી કુ. મેઘનાબેને પોતાના સંબોધનમાં સંસ્થામાં થતી પ્રવૃત્તિઓથી ભાવ વિભોર બની, અહીં સેવાકિય પ્રવૃત્તિઓમાં સામેલ થવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે શિક્ષક શ્રી તૃપ્તીબેન મહેતાએ ટ્રેનિંગ લેનારાઓ વતી અનુભવો વર્ણવ્યા હતાં.

## "ધ્યાન"

**મેડિટેશન અને મેડિસીન; અંગ્રેજીના આ બંને શબ્દો એક જ ધાતુમાંથી આવેલા છે, માટે ઓશોના મતે આ બંનેનો અર્થ ઔષધિ થાય.**

સંસારની માયા જાળમાંથી છુટીને પોતાના મૂળ સ્વરૂપને પામીને ઈશ્વર સાથે એકાકાર થવાનો સહજ માર્ગ એટલે ધ્યાન.

કોઈ વિધિ વિધાન કર્યા વગર માત્ર ઘરના ખૂણામાં બેસીને યોગ, વિદ્યા દ્વારા આપણી ઉત્ક્રાન્તિને ચરમ કક્ષાએ લઈ જવાની શિક્ષા ધ્યાન છે.

જેમ આપણે માટે શ્વાસ અને ઉચ્છવાસ છે. એટલા માટે જ તો તેઓ ઓશો છે કે, "તમે એમ કહો કે હું ધ્યાન કરી રહયો છું. તો એનો અર્થ એ કે કંઈક કરવાનું ચાલું છે. ધ્યાન તો કંઈ ન કરવાની અવસ્થા છે. તમે કહો છો કે અમે સમાધિસ્થ થઈ ગયાં, તો જનક કહેશે કે, "તમે સમાધિમાં ન હોય એવું કયારેય હતું ખરું ? સમાધિ તો સ્વભાવ છે." તેના માટે અલગથી કંઈ કરવાની જરૂર નથી.

ઓશોના મત પ્રમાણે જરૂર માત્ર એટલી જ છે કે, આ બધું કરતી વખતે આપણને ભાન રહેવું જોઈએ કે, આ બધું થઈ રહ્યું છે. આ બધું કરવામાં આવી રહયું છે. **સંકલન - મહાસુખભાઈ ઝકડિયા**

# રાજયની સંપૂર્ણ સરકારી પ્રથમ ઓડિયોલોજી એન્ડ સ્પીચ લેંગ્વેજ પેથો. કોલેજનું લોકાર્પણ

## અદ્યતન સુવિધાસભર નિર્માણ થયેલ કોલેજ શ્રવણ દોષ, સાંભળી ન શકતાં બાળકો માટે વરદાન સાબિત થશે.

અમદાવાદ સિવિલ મેડિસિટીની સરકારી સ્પાઈન ઈન્સ્ટિટયૂટ ખાતે, ગુજરાતની સંપૂર્ણ સરકારી પ્રથમ ઓડિયોલોજી અને સ્પીચ લેંગ્વેજ પેથોલોજી કોલેજનું આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે લોકાર્પણ કર્યું હતું. અંદાજિત રૂપિયા ત્રણ કરોડના ખર્ચે તૈયાર થયેલ આ કોલેજ શ્રવણ દોષ, સાંભળી ન શકતા બાળકો માટે વરદાન સાબિત થશે. બાલ્યાવસ્થાના વાણી અને ભાષાના ડિસોર્ડર્સ,ડેવલપમેન્ટ લેંગ્વેજ, અવાજના રોગ, તોતડાપણાની સમસ્યા, ખોરાક ગળવાની તકલીફ, સમજવાની તકલીફ, અવાજ ન નીકળવો, સાંભળવાની નસ અને મધ્યકર્ણની તકલીફો જેવી તપાસ નિદાન અને સારવારમાં કારગર સાબિત થશે. આ અવસરે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, "ગુજરાતની પ્રથમ મેડિસિટીના નવ રત્ન પૈકીની સરકારી સ્પાઈન ઈન્સ્ટિટયુટ અને પેરાપ્લેઝિયા મણકાના દર્દીઓ, તેમજ દિવ્યાંગજનો માટે અલાયદું કાર્ય કરતી સંસ્થા છે. આ સંસ્થા રાજ્યની અન્ય સંસ્થાઓ માટે રોલ મોડલ બની રહેશે."

તેમણે કહ્યું હતું કે, નવજાત બાળકોમાં શ્રવણદોષ કે વાણી અને ભાષાની સમસ્યા હોય તેમના માતા-પિતા ચિંતિત રહેતા હોય છે, ત્યારે આ ચિંતા દૂર કરવાનું કામ રાજ્ય સરકાર કરી રહી છે. સાથે આવા બાળકોનું ભવિષ્ય પણ ઉજ્જવળ બનાવવાનું કાર્ય સરકાર કરી રહી છે, તેમણે એવું પણ ઉમેર્યું હતું કે, ભવિષ્યમાં જે રેડિયોલોજિસ્ટ તૈયાર થઈ રહ્યાં છે તેમના માટે પણ રાજ્ય સરકાર વિચારી રહી છે. **સૌ.- ફૂલછાબ**

# ૧ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ સુધીના દાતાઓની યાદી

## P. N. R. SOCIETY

PNR
HOPE 4 ALL

### 80-G

| | Rs. |
|---|---|
| Shri Rudradattsinh Aka Pushparajsinh P.Chudasama - Bavaliyari | 1,000 |
| Shri Ankur N. Sarvaiya - Amreli | 3,000 |
| Shri Jignaben Nitinbhai Solanki - Bhavnagar | 2,000 |
| Shri Ketanbhai Katakia - Mumbai | 1,00,000 |
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| Shri Jaydip Rameshbhai Vaghela - Bhavnagar | 1,111 |
| Shri Harsha Sheth - Mumbai | 7,000 |
| Dr. Devlata J. Patel - Bhavnagar | 51,000 |
| Shri Satish K. Mehta - Mumbai | 1,25,000 |
| Shri Bakul R. Mehta - Mumbai | 1,10,000 |
| Shri Viral Bakul Mehta - Mumbai | 65,000 |
| Shri Krishnakantbhai V. Chitaliya - Mumbai | 3,00,000 |
| Shri Krishna Enterprises C/O.K. V. Chitalia - Mumbai | 3,00,000 |
| Shri Mehta Keyurbhai Bharatbhai - Bhavnagar | 1,111 |
| Shri Hetal Apurva Foundation - Mumbai | 7,000 |
| Shri Rohit Chandulal Doshi - Mumbai | 5,000 |
| Shri Gautam Trading Co. - Rajkot | 5,400 |
| Shri Gauttam Plastic - Rajkot | 11,000 |
| Shri Fortune Virtue - Rajkot | 11,000 |

### FCRA

| | Rs. |
|---|---|
| Shri Hasmukh K. Parekh - Mumbai | 10,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| Shri Hasmukh C. Mehta - Mumbai | 15,000 |
| Late Jyotiben Chandrakant Shah - Mumbai | 2,000 |
| Shri Maheshbhai Kishanbhai Kshirsagar - Bhavnagar | 1,100 |
| Shri Hitesh Vinubhai Mody - Mumbai | 32,000 |
| Shri Rameshchandra Hiralal Shah - Mumbai | 2,000 |
| Shri Tushar Rajsinh Raol - Bhavnagar | 6,000 |
| Shri Inner Wheel Club Of Bhavnagar - Bhavnagar | 20,000 |
| Shri Minaben Jiteshbhai Shah - Mumbai | 4,000 |
| Shri Viramdev Gunvantray Joshi - Mumbai | 7,000 |
| Shri Nilaben Niranjanbhai Doshi - Bhavnagar | 5,500 |
| Shri Mukeshbhai Oza - Mumbai | 50,000 |
| Shri Devangbhai Rajnikantbhai Shah - Bhavnagar | 6,000 |
| Shri Varshaben B. Lalani - Bhavnagar | 5,000 |
| Shri Jitubhai Savjibhai Vaghani - Bhavnagar | 10,000 |
| Shri Harshad Soneji- Bhavnagar | 11,000 |
| Shri Hareshbhai Hirjibhai Aghada Bhavnagar | 18,000 |
| Shri Jyotsnaben & Pravinbhai Bhogilal Shah Parivar - Ahmedabad | 5,000 |
| Shri Kirit P. Pandya - Mumbai | 2,501 |
| Shri Harsha & Bhavishi Mehta - Mumbai | 6,000 |
| Late Payalben B. Vegad - Bhavnagar | 8,600 |
| Shri Yuvrajsinh Dasbhai - Bhavnagar | 5,000 |
| Shri Yuvrajsinh Dasbhai - Bhavnagar | 6,000 |
| Shri Jigneshbhai Jayantibhai Gajjar - Bhavnagar | 12,000 |
| Shri Harshaben Bharatbhai Shah - Ahmedabad | 1,001 |
| Shri Mahendra Damji Sethia - Mumbai | 6,000 |
| Shri Harshit Riteshkumar Fatnani - Bhavnagar | 5,000 |
| Shri Rohit D. Samnani - Bhavnagar | 5,000 |
| Shri Nanalal Bhavanbhai Charitable Trust - Bhavnagar | 37,000 |
| Shri Megh Dhavalbhai Parekh - Bhavnagar | 7,500 |
| Shri Rotary Club Of Puna University Charitable Trust - Pune | 50,000 |
| Shri Rotary Club Of Puna University Charitable Trust - Pune | 25,000 |
| Late Muktaben Muljibhai Bhadiyadra - Palitana | 3,600 |
| Shri Heli Kotadiya - Bhavnagar | 15,000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| Shri Nanalal Bhavanbhai Patel Charitable Trust (Shri Nehalben Gadhavi) - Bhavnagar | 1,51,000 |
| Rehan Jewels - Bhavnagar | 1,30,000 |
| Dashrath Silver Art Private Limited - Rajkot | 72,000 |
| Parv Metal Processing Co. - Rajkot | 51,000 |
| Shri Tusharbhai J. Mehta - Bhavnagar | 12,500 |
| Shri Hansaben Rasikbhai Solanki - London | 11,611 |
| Shri Ashishbhai Amrutlal Mistry - Bhavnagar | 11,000 |
| Shri Hitesh Devjibhai Bhimani - Ahmedabad | 10,000 |
| Shri Nileshbhai Doshi - Surat | 5,501 |
| Bhumita Manoj Oja (Yog Group) - Bhavnagar | 5,200 |
| Shri Sanjay Upendra Kapadia - Mumbai | 5,001 |
| Shri Nehalben R. Gadhavi - Bhavnagar | 5,000 |
| Shri Rameshbhai D. H. - Bhavnagar | 5,000 |
| Lion Community Care Society - Bhavnagar | 5,000 |
| Shah Jyotsnaben And Pravinbhai Bhogilal Family - Ahmedabad | 5,000 |
| Late Shri Shantaben Muljibhai Vora - Bhavnagar | 5,000 |
| Shri Binaben Pareshbhai Modi - Mumbai | 5,000 |
| Shri Pankajbhai Ghetiya - Rajkot | 2,000 |
| Shri Shiraz Sadruddin Lalani - Mumbai | 1,111 |
| Shri Hardipbhai Jitubhai Kamliya - Bhavnagar | 1,000 |
| Shri Dulaben Manikantbhai - Botad | 1,000 |

# PNR સોસાયટી તસ્વીર સમાચાર




રિહેબિલિટેશન એવોર્ડ `૨૩ પ્રાપ્ત કરતા મેહુલ જાડા



શ્રી કીર્તિભાઈ સંઘવી દ્વારા નઝીમાબેનનું સન્માન





'નારી શક્તિ વંદના'
શ્રી નેહલબેન તથા શ્રી ભાવનાબેનનું સન્માન (અંકુર)



સક્ષમ ક્ષમતાવર્ધન કાર્યક્રમ...



લર્ન એન્ડ અર્ન, આર્ટ વર્કશોપ...





વિશ્વ દિવ્યાંગતા દિવસની ઉજવણી...



દિવ્યાંગોની મંત્ર સાધના...

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 January - 24 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com